RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 304* Date: 01.09.2022, Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# પાકિસ્તાનમાં આવેલા ભીષણ પૂરમાં અત્યાર સુધીમાં ૧૧૦૦થી વધુ લોકોના મોત

**૨૦૧૦માં કોંગ્રેસના શાસન દરમિયાન ભારતે પાકિસ્તાનના લોકોને ભીષણ પૂરથી રાહત આપવા માટે ૨૦ મિલિયન ડોલરની સહાય પૂરી પાડી હતી**

નવીદિલ્હી,તા.૩૧

પાકિસ્તાનમાં પૂરના કારણે સ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ છે. પૂરના કારણે અત્યાર સુધીમાં હજારો લોકોના મોત થયા છે. સમાચાર અનુસાર, આ કુદરતી આફતમાં પાકિસ્તાનને ૧૦ અબજ ડોલરનું નુકસાન થયું છે. આ મુશ્કેલ સમયમાં તેણે પોતાના પાડોશી દેશ ભારતને યાદ કર્યું છે. પાકિસ્તાને ભારત સાથે દ્વિપક્ષીય વેપાર ફરી શરૂ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. જો કે, નવી દિલ્હીએ સ્પષ્ટ કર્યું છે કે તે વેપારને સામાન્ય બનાવવાના સંદર્ભમાં હાલમાં આવું કોઈ પગલું ભરશે નહીં. જો કે, શાહબાઝ શરીફ સરકારની વિશેષ વિનંતી પર ભારત પાકિસ્તાનને તેના મુશ્કેલ સમયમાં માનવતાવાદી સહાય આપવા માટે તૈયાર છે. પાકિસ્તાનમાં પૂરે તબાહી મચાવી છે. સંકટની આ ઘડીમાં ઈસ્લામાબાદને નવી દિલ્હી યાદ આવી ગઈ હોવાના અહેવાલ છે. પાકિસ્તાન ભારત સાથેના વેપાર સંબંધોને ફરીથી આગળ વધારવા ઈચ્છે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર તે ભારતમાંથી શાકભાજી અને અન્ય ખાદ્ય ચીજોની આયાત કરી શકે છે. આ સાથે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાકિસ્તાનમાં આવેલા પૂર પર દુખ વ્યક્ત કર્યું છે. તમને જણાવી દઈએ કે પાકિસ્તાનમાં પૂર બાદ શાકભાજીના ભાવ આસમાને પહોંચી ગયા છે. ભારત તરફથી પાકિસ્તાનની મદદની આશા વચ્ચે નવી દિલ્હીમાં પાકિસ્તાનને મોટા પાયે મદદ કરવાની ચર્ચા શરૂ થઈ ગઈ છે.

૨૦૧૦માં કોંગ્રેસના શાસન દરમિયાન ભારતે પાકિસ્તાનના લોકોને ભીષણ પૂરથી રાહત આપવા માટે ૨૦ મિલિયન ડોલરની માનવીય સહાય પૂરી પાડી હતી. ભારત માનવતાવાદી સહાય પૂરી પાડી શકે છે સત્તાવાર સૂત્રોએ ધ પ્રિન્ટને જણાવ્યું હતું કે ભારત અને પાકિસ્તાન વચ્ચે દ્વિ-માર્ગીય વેપાર ફરીથી શરૂ થશે તે ટૂંક સમયમાં શરૂ થશે નહીં. કારણ કે તે પહેલા બંને દેશોએ તેમના રાજદૂતોને પુનઃસ્થાપિત કરવા તેમજ સામાન્ય રાજદ્વારી સંબંધો સ્થાપિત કરવા પર વિચાર કરવો જોઈએ. ત્યાર બાદ જ આગળની વાત થશે.

સૂત્રોએ એમ પણ જણાવ્યું હતું કે, જેમ ભારતની વડા પ્રધાન નરેન્દ્ર મોદી સરકારે કોરોના રોગચાળા દરમિયાન સહકાર વધાર્યો હતો, તેમ તેમણે દક્ષિણ એશિયન એસોસિએશન ફોર રિજનલ કોઓપરેશનની વર્ચ્યુઅલ મીટિંગનું પણ આયોજન કર્યું હતું. સુત્રો જણાવે છે કે ભારત પાકિસ્તાનને પૂરના સંકટમાંથી બહાર કાઢવામાં મદદ કરી શકે છે. પાકિસ્તાનમાં આવેલા ભીષણ પૂરમાં અત્યાર સુધીમાં ૧૧૦૦થી વધુ લોકોના મોત થયા છે અને લગભગ ૧૦ અબજ ડોલરનું નુકસાન થયું છે.

તે જ સમયે, સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારતે કહ્યું છે કે ઈસ્લામાબાદની વિનંતીના આધારે, તે દરેક કેસના આધારે પાકિસ્તાનને ફળો, શાકભાજી અને અન્ય ખાદ્યપદાર્થો તેમજ દવાઓ અને આવશ્યક ચીજવસ્તુઓ મોકલવા માટે તૈયાર છે. જો કે, હજુ સુધી પાકિસ્તાન તરફથી ત્યાં ભારતમાંથી ખાદ્યપદાર્થોની શિપમેન્ટ મોકલવાની કોઈ સત્તાવાર વિનંતી કરવામાં આવી નથી.

ભારત તરફથી પાકિસ્તાનને મદદની આશા ભારત તરફથી પાકિસ્તાનને મદદની આશા પાકિસ્તાનના નાણા પ્રધાન મિફ્તા ઈસ્માઈલે કહ્યું કે શાહબાઝ શરીફ સરકાર ત્યાંની કટોકટીની સ્થિતિને ધ્યાનમાં રાખીને 'ભારતમાંથી શાકભાજી અને અન્ય ખાદ્ય ચીજોની આયાત કરવાનું વિચારી શકે છે×. એપ્રિલમાં શહેબાઝ શરીફ પાકિસ્તાનમાં વડા પ્રધાન બન્યા પછી, તેમણે કહ્યું હતું કે પાકિસ્તાન પ્રાદેશિક શાંતિ અને સુરક્ષા માટે પ્રતિબદ્ધ રહેશે અને ભારત સાથે



'શાંતિપૂર્ણ અને સહકારી' અભિગમ અપનાવશે. શાહબાઝે પીએમ મોદીને લખેલા પત્રમાં આ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ પહેલા પીએમ મોદીએ શાહબાઝને પીએમ બનવા પર અભિનંદન પાઠવ્યા હતા અને આતંકવાદ મુક્ત શાંતિ અને પ્રાદેશિક સ્થિરતાની ભારતની ઈચ્છા વ્યક્ત કરી હતી. જો કે, જવાબમાં શાહબાઝે કાશ્મીરનો રોષ ઠાલવતા મામલો ઉકેલવાની અપીલ કરી હતી. પાકિસ્તાનને પીએમ મોદી પાસેથી આશા પાકિસ્તાનને પીએમ મોદી પાસેથી આશા દક્ષિણ અને દક્ષિણ-પશ્ચિમ પાકિસ્તાન ઉપરાંત ઉત્તર પાકિસ્તાનમાં પણ પૂરને કારણે નોંધપાત્ર નુકસાન થયું છે. હજારો પરિવારોએ પોતાનું ઘર છોડીને સુરક્ષિત સ્થળોએ આશ્રય લીધો છે. મોટી સંખ્યામાં લોકો સરકારી શિબિરોમાં રહે છે જ્યાં સરકાર માટે ખોરાક અને પાણીની પહોંચ એક મોટો પડકાર છે.

## યુપીના રાજયપાલે ઈટર કોલેજની ઓંચીતી મુલાકાત લીધી, ગેરહાજર રહેલ વિદ્યાર્થીઓને ફોન કરી કારણ પુછયું

લખનૌ,તા.૩૧

ઉત્તરપ્રદેશના રાજયપાલ આનંદીબેન પટલ અચાન અહીંની નેશનલ ઈટર કોલેજનું નિરીક્ષણ કરવા માટે પહોંચી ગયા હતાં તેમણે સ્કુલમાં વિદ્યાર્થીઓની હાજરીથી લઇ સાફ સફાઇ સુધીનું નિરીક્ષણ કર્યું હતું અને આ દરમિયાન રાજયપાલે ગેરહાજર છાત્રોને ફોન કરી સ્કુલ ન આવવાનું કારણ પુછયું અને લૈબ કલાસરૂમ સ્ટાફ રૂમ ઓડિટોરિયમ અને સ્ટોર રૂમનો પ્રવાસ કરી ગંદકીને લઇ નારાજગી વ્યકત કરી અને સ્કુલ પ્રશાસનને સાફ સફાઇ રાખવાનો નિર્દેશ આપ્યો હતો.



નિરીક્ષણ દરમિયાન આનંદીબેન છાત્રોને મળ્યા અને તેમને વાલીની જેમ સમજાવતા નજરે પડયા હતાં આ દરમિયાન તેમણે છાત્રોને બ્લેકબોર્ડ પર હાજર અને ગેરહાજર છાત્રોની સંખ્યા લખાવી અને તેમને રોજ આમ કરવા માટે કહ્યું જયારે જે છાત્ર સ્કુલ આવ્યા ન હતાં તેમને ફોન કરી ગેરહાજર રહેવાનું કારણ પુછયુ અને તેમને એ પણ સમજાવ્યું કે જે દિવસે તે ગેરહાજર રહેશે તે દિવસનો અભ્યાસ છુટી જશે અને આ કારણે તેમને અભ્યાસમાં નુકસાન થશે આથી તેઓને રોજ સ્કુલે આવવા માટે કહ્યું હતું.

રાજયપાલે અહીં હાજર અનેક છાત્રોથી તેમની ગતિવિધિઓ શિક્ષણ પારિવારિક વિષયો અને સ્કુલોમાં આવવાના સાધનોની બાબતમાં પણ વાત કરી તેમણે છાત્રોથી પાઠયક્રમથી જોડાયેલા સવાલ કર્યા અને બેબમાં પ્રેકિટલ પણ કરાવી જો કે અનેક જગ્યાએ તેમણે ગંદકી જોઇ અને પાટલીઓ પર ધૂળ જામેલી જોઇ જેને લઇને તેઓએ નારાજગી વ્યકત કરી હતી અને સ્કુલ પ્રશાસનને નિર્દેશ આપ્યા કે સાફ સફાઇને લઇ કોઇ ઢીલાસ દાખવવામાં આવે નહીં અને રોજ સફાઇ કરવામાં આવે જયારે રાજયપાલ સ્કુલના પ્રવાસે પહોંચ્યા ત્યારે તેમની સાથે ડીએમ સૂર્યપાલ ગંગવા અને પ્રિસિપલ રામચંદ્ર પણ હાજર રહ્યાં હતાં.

એ યાદ રહે કે રાજનીતિમાં આવતા પહેલા આનંદીબેન પટેલ એક શિક્ષિકા હતાં અને તેમના હૃદયમાં રહેલો શિક્ષિકાનો ભાવ તેઓ જયારે ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતાં ત્યારે પણ અવારનવાર જોવા મળ્યો હતો હવે રાજયપાલ બની ગયા છે તો પણ તેમનો આ ભાવ ઓછો થયો નથી.

## મમતા સરકારમાં ભરતી થયેલા શિક્ષકોની ફાઈલો ખોલાશે, ઈડી ૧૧ વર્ષનો રેકોર્ડ શોધશે

કોલકતા,તા.૩૧

પશ્ચિમ બંગાળમાં સામે આવેલા કથિત શિક્ષક ભરતી કૌભાંડ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ તપાસને વધુ તીવ્ર બનાવવાની તૈયારી કરી રહ્યું છે. અહેવાલ છે કે શાસક પક્ષ તૃણમૂલ કોંગ્રેસના શાસન હેઠળની સરકારી શાળાઓમાં પ્રાથમિક શિક્ષકોની તમામ ભરતી તપાસ એજન્સીના રડાર પર છે. આ અંગે ઉમેદવારોની માહિતી પણ એકત્ર કરવામાં આવી રહી છે. ખાસ વાત એ છે કે ૨૦૧૧ થી ૨૦૨૧ સુધી રાજ્યમાં શિક્ષણ મંત્રી રહેલા પાર્થ ચેટર્જીની ધરપકડ થઈ ચૂકી છે.એજન્સીએ પશ્ચિમ બંગાળ બોર્ડ ઓફ એલિમેન્ટરી એજ્યુકેશન પાસેથી કેટલાક ઉમેદવારોની માહિતી માંગી છે. આ ઉમેદવારોની ૨૦૧૧માં પ્રાથમિક શિક્ષક તરીકે નિમણૂક કરવામાં આવી હતી. કેન્દ્રીય તપાસ બ્યુરો (ઝ્રમ્ૈં) અને ઈડ્ઢ સરકારી શાળાઓમાં કથિત ભરતી કૌભાંડની તપાસ કરી રહી છે. ઈડ્ઢ મની લોન્ડરિંગની તપાસ કરી રહી છે. આ સિવાય એજન્સીઓ સ્કૂલ સર્વિસ કમિશન દ્વારા ભરતીમાં કથિત અનિયમિતતાઓની પણ તપાસ કરી રહી છે.

પ્રાથમિક શિક્ષણ બોર્ડના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, "અમે તમામ જિલ્લા પ્રાથમિક શાળા પરિષદોને નિમણૂક પામેલા લોકોના નામ, સરનામું ટીઈટી રોલ નંબર સહિતની માહિતી આપવા માટે પત્ર લખ્યો છે." આ સાથે તેમની નિમણૂક કઈ પ્રાથમિક શાળામાં કરવામાં આવી છે તેની પણ માહિતી માંગવામાં આવી છે. ખાસ વાત એ છે કે ટીએમસીના શાસનમાં ૨૦૧૨, ૨૦૧૪ અને ૨૦૧૭માં ઓછામાં ઓછી ત્રણ વખત ટીઈટી પરીક્ષા લેવામાં આવી હતી. ૨૦૧૪ માં, ભરતી પ્રક્રિયામાં ગેરરીતિના અહેવાલો આવ્યા હતા.

ટીએમસી સાંસદ શાંતનુ સેન કહે છે, "તે આઘાતજનક છે કે સામાન્ય રીતે મની લોન્ડરિંગની તપાસ કરતી ઈડ્ઢ હવે શિક્ષકોની નિમણૂકોની તપાસ કરી રહી છે." બીજેપી નેતા રાહુલ સિન્હાએ કહ્યું, "જેઓ શિક્ષકની ભરતી વિશે માહિતી આપવામાં વિલંબ કરી રહ્યા હતા તેઓ ઈડ્ઢની તપાસ શરૂ થયા પછી ખૂબ સક્રિય થઈ ગયા છે અને કેટલાકની ધરપકડ કરવામાં આવી છે."

## બે વર્ષ બાદ મુંબઇ સહિત દેશભરમાં ગણેશ ચતુર્થીની ધામધૂમથી ઉજવણી કરવામાંઆવી

મુંબઇ,તા.૩૧

બે વર્ષ બાદ ગણેશ ચતુર્થીની મુંબઇ સહિત દેશભરમાં ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી અને મુંબઇ સહિત દેશમાં આ અવસર પર ભક્તો ગણપતિના વિવિધ અવતારોની પૂજા કરી હતી ગણપતિના મંદિરો અને પંડાલોમાં ભગવાન ગણપતિની સ્થાપના કરવામાં આવી હતી અને તેને ખાસ શણગારવામાં આવ્યા હતાં અને ગણેશ ઉત્સવ ધૂમધામથી મનાવવમાં આવ્યો હતો



રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગણેશ ચતુર્થીની પૂર્વ સંધ્યાએ તમામ દેશવાસીઓને શુભેચ્છા પાઠવી હતી અને વિશ્વમાં સૌહાર્દ, સૌહાર્દ, સુખ અને શાંતિની કામના કરી હતી. તેમના સંદેશમાં રાષ્ટ્રપતિએ કહ્યું, ×ગણેશ ચતુર્થીના શુભ અવસર પર, હું ભારત અને વિદેશમાં વસતા તમામ દેશવાસીઓને મારી શુભેચ્છાઓ અને શુભકામનાઓ આપું છું.× આ અવસર ગણેશજીની જન્મજયંતિ તરીકે ઉજવવામાં આવે છે. ભગવાન ગણેશને વિઘ્નહર્તા અને મંગલમૂર્તિ માનવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગણેશ ઉત્સવ પર દેશવાસીઓને શુભકામનાઓ પાઠવી હતી યુપીના મુખ્યમંત્રી યોગીએ પણ સમૃદ્ધિની કામના કરી હતી અને ગણેશજીની પુજા અર્ચના કરી હતી.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેના નિવાસસ્થાને ગણેશ ઉત્સવની ધૂમ જોવા મળી હતી, પૂજા આરતી સાથે સુખ-સમૃદ્ધિની કરી કામના કરવામાં આવી હતી મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ સિંદેએ પણ ભાવથી ગણેશજીની સ્થાપના કરી અને આરતી પૂજા કરીને સૌને શુભકામના પાઠવી હતી મુંબઈમાં લાલબાગ ચા રાજાના દરબારમાં આજે સવારથી જ ભક્તોની ઘોડાપૂર ઉમટ્યું હતું. બે વર્ષ બાદ લાલબાગ ચા રાજાની દર્શન કરીને ભક્તો ધન્યતા અનુભવી રહ્યાં હતાં મુંબઈમાં ઠેર ઠેર પંડોલોમાં ગણેશ ભગવાનની સ્થાપના કરવામાં આવી હતી.

## કોંગ્રેસ છોડીને આઝાદ સાથે ગયેલા તાજ મોહિઉદ્દીન પર જમીન કૌભાંડનો આરોપ

નવીદિલ્હી,તા.૩૧

ગુલામ નબી આઝાદના સમર્થનમાં કોંગ્રેસ છોડવાની પ્રક્રિયા ચાલુ છે. મંગળવારે ૬૫ નેતાઓના રાજીનામા બાદ હવે બુધવારે વધુ ૪૨ નેતાઓએ પાર્ટી છોડી દીધી છે. આ રીતે આઝાદના સમર્થનમાં કોંગ્રેસ છોડનારા નેતાઓનો આંકડો ૧૦૦ને વટાવી ગયો છે. કોંગ્રેસ છોડી ચૂકેલા નેતાઓમાં પૂર્વ મંત્રીઓથી લઈને પૂર્વ નાયબ સુધીનો સમાવેશ થાય છે. તેમનું કહેવું છે કે તેઓ બધા આઝાદની નવી પાર્ટીનો ભાગ બનશે.

એવું જ એક નામ છે તાજ મોહિઉદ્દીન. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ મંત્રી તાજ મોહિઉદ્દીન રવિવારે પાર્ટી છોડીને ગુલામ નબી આઝાદના નેતૃત્વમાં મોરચામાં જોડાયા હતા. કોંગ્રેસ છોડીને અને આઝાદની સાથે, મોહિઉદ્દીને શપથ લીધા, ×હું તમને ખાતરી આપું છું કે અમારો ભાજપ સાથે કોઈ સંબંધ નથી અને હું અલ્લાહના શપથ ખાઉં છું. અમે બિનસાંપ્રદાયિક છીએ અને બિનસાંપ્રદાયિક પક્ષ સાથે કોઈપણ રીતે સંબંધ રાખી શકીએ નહીં.આઝાદે નવી પાર્ટી બનાવવાની જાહેરાત કરી ત્યારથી કેટલાક રાજકીય વિશ્લેષકો તેને બીજેપીના બીજા પ્રોજેક્ટ તરીકે જોતા હતા. પરંતુ મોહિઉદ્દીને સ્પષ્ટતા કરી છે કે નવી પાર્ટીનું ભાજપ સાથે કોઈ જોડાણ નહીં હોય અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે આઝાદના સંબંધો વ્યક્તિગત છે રાજકીય નથી.તાજ મોહિઉદ્દીન જમ્મુ અને કાશ્મીરના અગ્રણી ગુર્જર નેતા. અર્થશાસ્ત્રમાં પોસ્ટ ગ્રેજ્યુએટ થયેલા મોહિઉદ્દીન વર્ષ ૧૯૮૬માં કોંગ્રેસમાં જોડાયા હતા. મૂળ જમ્મુ પ્રાંતના ૭૭ વર્ષીય મોહિઉદ્દીનએ દાયકાઓથી ખીણના સરહદી વિસ્તાર ઉરીને પોતાનું રાજકીય મેદાન બનાવ્યું છે.

## ધર્મપરિવર્તન કરતાં દલિતોને અનામતના લાભ અંગે કેન્દ્ર તેનું વલણ સ્પષ્ટ કરેઃ સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,તા.૩૧

ખ્રિસ્તી અને ઈસ્લામ ધર્મ સ્વીકારતા દલિતોને અનામતના લાભની માગણી કરતી અરજી અંગે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને ત્રણ સપ્તાહમાં તેનું વલણ સ્પષ્ટ કરવા તાકીદ કરી છે. કોર્ટે બીજી કેટલીક અરજીઓ અંગે પણ સરકારને તેનું વલણ સ્પષ્ટ કરવાની સૂચના આપી છે.ધર્મપરિવર્તન કરતાં અનુસૂચિત જાતિના સભ્યોને પણ હિન્દુ, બુદ્ધ અને શીખ ધર્મના દલિતો જેવા જ અનામતના લાભ આપવાની માગણી સાથે સુપ્રીમ કોર્ટમાં એક જાહેર હિતની અરજી થઈ છે.

બીજી એક અરજીમાં મૂળ અનુસૂચિત જાતિના ખ્રિસ્તીઓને અનુસૂચિત જાતિને મળે છે તેવા જ અનામતના લાભ આપવાની માગણી કરાઈ છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને જણાવ્યું હતું કે આ મુદ્દાની અસરો ઊભી થઈ શકે છે અને તેઓ કેન્દ્ર સરકારના હાલના વલણને રેકોર્ડમાં મૂકશે. આ પછી કોર્ટે તેમને ત્રણ સપ્તાહનો સમય આપ્યો હતો. કોર્ટે નિરીક્ષણ કર્યું હતું કે સામાજિક અસરોને કારણે આ તમામ મુદ્દા પેન્ડિંગ છે અને આ મુદ્દા પર નિર્ણય કરવો પડશે.

અરજદારો વતી એડવોકેટ પ્રશાંત ભુષણે જણાવ્યું હતું કે સરકારે અગાઉ જસ્ટિસ રંગનાથ મિશ્રા કમિશનની નિમણુક કરી હતી. આ કમિશને આ મુદ્દે વિગતવાર રીપોર્ટ આપ્યો છે. સોલિસિટર જનરલે જણાવ્યું હતું કે કમિશનની નિમણુકની બાબત આંશિક રીતે સાચી છે, પરંતુ તત્કાલિન સરકારે એવા આધારે કમિશનની ભલામણોનો સ્વીકાર કર્યો ન હતો કે કમિશને કેટલાંક તથ્યોની વિચારણા કરી નથી. સર્વોચ્ચ અદાલતે આ કેસની સુનાવણી ૧'૧ ઓક્ટોબર સુધી મોકૂફ રાખી હતી અને પક્ષકારોને ટૂંકમાં જવાબ રજૂ કરવાની સૂચના આપી હતી. સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ એક પિટિશનમાં જણાવામાં આવ્યું છે કે હિન્દુ, શીખ અને બુદ્ધ સિવાયના ધર્મનું પાલન કરતા અનુસૂચિત જાતિના વ્યક્તિને બંધારણ (અનુસૂચિત જાતિ) આદેશ, ૧૯૫૦ના પેરાગ્રાફ૩ના લાભથી વંચિત રાખી શકાય નહીં.

સુપ્રીમ કોર્ટે મંગળવારે જણાવ્યું હતું કે તે આર્થિક પછાત વર્ગને ૧૦ ટકા અનામત આપવાના કેન્દ્ર સરકારના નિર્ણયની બંધારણીય યોગ્યતાની ચકાસણી કરશે.


# તંત્રી સ્થાનેથી...

## ભ્રષ્ટાચાર વિરુદ્ધ બેવડાં ધોરણ

*એક એવા સમયે જ્યારે કેન્દ્ર સરકારની વિભિન્ન એજન્સીઓએ ભ્રષ્ટ તત્ત્વો વિરુદ્ધ એક રીતે અભિયાન છેડ્યું છે, ત્યારે કેન્દ્રીય સતર્કતા આયોગ (સીવીસી)ની એ ફરિયાદ ચિંતિત કરનારી છે કે તેણે વિભિન્ન વિભાગોના ૫૫ ભ્રષ્ટ અધિકારીઓને દંડિત કરવાની જે સલાહ આપી હતી, તેના પર અમલ કરવામાં વિલંબ થઈ રહ્યો છે. આ મામલે કઠેરામાં ઊભા કરવામાં આવેલા સંબંધિત વિભાગો અથવા કેન્દ્ર અને રાજ્ય સરકારોએ કોઈ વિલંબ વિના એ સ્પષ્ટ કરવું જોઈએ કે આ અધિકારીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં કેમ વિલંબ થઈ રહ્યો છે? આ બાબતે સરકારોએ ચેતવું પડશે, કારણ કે સીવીસીની ફરિયાદ તેમની એ પ્રતિબદ્ધતા પર સવાલો ઊભા કરે છે, જે અંતર્ગત વારંવાર એમ કહેવામાં આવે છે કે ભ્રષ્ટાચારને સહન કરવામાં નહીં આવે. સરકારોએ એ જોવું પડશે કે ક્યાંક એવું તો નથી કે જે અધિકારીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવાની છે, તેઓ જ તેમને બચાવી રહ્યા હોય? આ અંદેશાનું કારણ એ છે કે ભૂતકાળમાં એ બહુ જોવા મળ્યું છે કે અધિકારી સામાન્ય રીતે પોતાના ભ્રષ્ટ સહયોગી-સાથીઓને બચાવવાનું કામ કરે છે. જો આ સ્થિતિ હજુ પણ હોય તો તેનાથી વધુ દુર્ભાગ્યપૂર્ણ બીજું કશું જ ન હોઈ શકે.*

*જ્યારે પણ ભ્રષ્ટ અધિકારીઓ વિરુદ્ધ કાર્યવાહીમાં વિલંબ થાય છે તો એવા અધિકારીઓ અને કર્મચારીઓનું દુસ્સાહસ ઓર વધી જાય છે, તેની સાથે જ એ આભાસ પણ થાય છે કે સીવીસી ભ્રષ્ટાચાર પર અંકુશ લગાવી શકવામાં સમર્થ નથી. સીવીસી દ્વારા બહાર પડાયેલા વાર્ષિક રિપોર્ટમાં કેટલાક એવા કેસોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેમાં આવકથી વધુ સંપત્તિ એકઠી કરવા મામલે ફસાયેલા અધિકારીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવાને બદલે તેમના વિરુદ્ધ ચાલી રહેલા કેસો જ બંધ કરી દેવાયા. જો એ પ્રશ્નનો જવાબ ન મળે કે આવું કયા આધારે અને કેમ કરવામાં આવ્યું તો તેનાથી જનતાને એ જ સંદેશ જશે કે ભ્રષ્ટ અધિકારીઓને બચાવવાનું કામ કરવામાં આવી રહ્યું છે. નીતિ અને નૈતિકતાનો એ જ તકાદો છે કે જે મામલે સીવીસીની ભલામણો ન માનવામાં આવી, તેમાં એ સ્પષ્ટ કરવામાં આવે કે એવું કેમ ન કરવામાં આવ્યું? સીવીસીનો રિપોર્ટ એ પણ કહે છે કે ભ્રષ્ટાચારના આરોપી છસો કરતાં વધુ અધિકારીઓ વિરુદ્ધ ફરિયાદના કેટલાય કેસો વિભિન્ન સરકારી વિભાગોની મંજૂરીની રાહ જોતા ધૂળ ખાઈ રહ્યા છે. કુલ પડતર કેસોમાંથી કેટલાક એવા પણ છે, જેમાં ભ્રષ્ટાચારના આરોપોથી ઘેરાયેલા કેટલાય અધિકારીઓના કેસો ત્રણ મહિનાથી વધુ સમય માટે અનિર્ણીત છે. આ એટલા માટે અસ્વીકાર્ય અને આશ્ચર્યજનક છે, કારણકે એવા કેસો પર નિર્ણય લેવાની સમય સીમા ત્રણ મહિનાની જ હોય છે.*

**મિચ્છામી દુક્કડમ.......**



*નમું હાથ જોડી મને માફ કરજો,*
*હૃદય દ્વાર ખોલી મને માફ કરજો.*
*"અહિંસા ના માર્ગે સદા ચાલવાનું"*
*રહી ભૂલ થોડી, મને માફ કરજો.*
*તપસ્યા કરી પ્રેમભાવે તમારી,*
*શરણ આવું દોડી મને માફ કરજો.*
*તમારું આ બાળક કરે છે વિનંતી,*
*કે નવકાર બોલી મને માફ કરજો.*
*વરસ આખું ભૂલો કરી છે પ્રશાંતે,*
*કહું યાર સોરી, મને માફ કરજો.*
*.......પ્રશાંત સોમાણી (સુરત)*

**મિચ્છામી દુક્કડમ.........**



*સ્હેજ મોટેથી જો બોલાય, મને માફ કરો*
*કોઈ પંખી જો ઊડી જાય, મને માફ કરો*
*મેં અમસ્તાં જ કહ્યું'તું કે અહીં ઈશ્વર છે*
*રોજ જો કંઈક વધેરાય, મને માફ કરો*
*હું તમારાથી જરા દૂર તો ચાલું છું છતાં*
*ક્યાંક પડછાયો જો અથડાય, મને માફ કરો*
*વાંકમાં હું જ છું એવું જો તમે ધાર્યું છે*
*શું વધારે તો હવે થાય ? મને માફ કરો*
*વર્તણૂક આપની વર્ણવતો લો આ શેર કહ્યો*
*આપને શેર ના સમજાય, મને માફ કરો.*
*ભાવિન ગોપાણી (અમદાવાદ)*

## ઝારખંડના ધારાસભ્યોને છત્તીસગઢમાં દારૂ અને મરઘીની મિજબાની કરાવાય છે : ભાજપનો પ્રહાર

રાંચી,તા.૩૧


ઝારખંડમાં રાજકીય ઉથલપાથલ વચ્ચે યુપીએના ધારાસભ્યો છત્તીસગઢ પહોંચ્યા બાદ મામલો વધુ ગરમાયો છે. ઝારખંડના ધારાસભ્યોની રાહ જોતા અહીંના એક રિસોર્ટની બહાર કથિત રીતે પાર્ક કરાયેલા સરકારી વાહનમાંથી દારૂની બોટલો મળી આવી છે. આ પછી બીજેપી નેતાઓએ છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ પર પ્રહારો કર્યા છે. છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી અને બીજેપી નેતા ડો.રમન સિંહે કારમાંથી દારૂની બોટલો મળી આવતા એક વીડિયો ટ્વીટ કર્યો છે.

તેમણે લખ્યું, ×કાન ખોલીને સાંભળો ભૂપેશ જી! છત્તીસગઢ બદનક્ષીનો અડ્ડો નથી, જેઓ છત્તીસગઢના પૈસાથી ઝારખંડના ધારાસભ્યોને શરાબ અને મુર્ગી ખવડાવે છે. આસામ બાદ હરિયાણામાં હવે ઝારખંડના ધારાસભ્યોનો અડ્ડો છે. આ અનૈતિક કૃત્યો માટે કોઈ માફી નથી.

બીજી તરફ છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે ભાજપ પર મોટો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું છે કે ઝારખંડના ધારાસભ્યો અહીં આવ્યા છે, તેથી ભાજપના લોકો ચિંતિત છે. જો ધારાસભ્યોને ત્યાં રહેવા દેવામાં આવ્યા હોત તો ભાજપને તેમને ખરીદવાની અને ૨૦ કરોડ રૂપિયા આપવાની તક મળી હોત. બઘેલે કહ્યું કે, રાજભવને હજુ સુધી ચૂંટણી પંચનો પત્ર ખોલ્યો નથી, તેનો અર્થ એ છે કે કંઈક આયોજન કરવામાં આવી રહ્યું છે.

ઝારખંડમાં રાજકીય સંકટ વચ્ચે મહાગઠબંધનના તમામ ધારાસભ્યોને કોંગ્રેસ શાસિત રાજ્ય છત્તીસગઢમાં લઈ જવામાં આવ્યા છે. મંગળવારે મુખ્યમંત્રી આવાસથી ધારાસભ્ય બપોરે બે બસમાં રાંચી એરપોર્ટ જવા રવાના થયા હતા. સીએમ હેમંત સોરેન પોતે બસમાં ધારાસભ્યોની સાથે રહ્યા હતા. તેમના પહેલા ધારાસભ્યોનો સામાન એરપોર્ટ પર પહોંચાડવામાં આવ્યો હતો. મહાગઠબંધનના ૩૨ ધારાસભ્યોમાં કોંગ્રેસના ૧૨, જેએમએમના ૧૯ અને આરજેડીના ૧ ધારાસભ્યોનો સમાવેશ થાય છે.

# લાઇફ મિશનનાં પ્રણેતા બ્રહ્મલિન પૂ.રાજર્ષિ મુનિજી



યોગ અને અધ્યાત્મ ક્ષેત્રે અસંખ્ય શ્રદ્ધાળુઓનાં પ્રેરણાસ્ત્રોત,લાઈફ મિશનનાં પ્રણેતા,પરમ યોગી, જીવન-સાધક,ગુજરાતમાં સ્થપાયેલી લકુલીશ યોગ યુનિવર્સિટીના પ્રણેતા પૂ.રાજર્ષિ મુનિજી તા.૩૦-૦૮-૨૦૨૨ના રોજ વહેલી સવારે નશ્વર દેહ છોડી અનંતયાત્રાએ પ્રયાણ કર્યું.

સ્વામી રાજર્ષિ મુનિનો જન્મ મોરબીના શાપર ગામમાં ૧૧મી ફેબ્રુઆરી ૧૯૩૧ના રોજ દેવીસિંહજી સામતસિંહજી જાડેજાના ઘરે થયો હતો.દેવીસિંહજી સૌરાષ્ટ્રના પોરબંદર રજવાડાના મહારાજાના સહાયક કેમ્પમાં સેવા આપતા હતા.તેમના પરિવારને સમાજ માનની નજરથી જોતો હતો.તેઓ પ્રતિષ્ઠિત સાહિબજીના વંશજ હતા.તેમનાં માતા મોંઘીબા ઝાલાનાં દીકરી હતાં.જેઓ લીમડી રાજ્યના રાજા હતા.તેમના ભાઈ ખેંગારજી કચ્છ રાજ્ય સાથે સંકળાયેલા હતા.આમ તેઓ રાજવી પરિવારમાંથી આવતા હતા અને તેમણે નાનપણમાં ઘણો વૈભવ ભોગવ્યો હતો.તેમનો પ્રારંભિક ઉછેર માતા-પિતાના માર્ગદર્શનમાં થયો હતો.જ્યાં તેમનો જન્મ થયો એ પોરબંદરમાં બે વર્ષ રહ્યા પછી તેઓ ૧૯૩૩માં પોતાના વતન શાપર ગામમાં આવ્યા હતા.અહીં તેમણે પ્રાથમિક શિક્ષણ લીધું હતું.૧૯૩૮માં આગળ ભણવા તેઓ લીમડી ગયા અને ૧૯૪૬માં તેમણે મેટ્રિક્યુલેટ કર્યું હતું.

યુવાન યશવંતસિંહ શાળા જીવનમાં ખૂબ ખીલ્યા હતા.અનેક રમતોમાં તેઓ કુશળ હતા.તેમણે પોતાનામાં રહેલા પ્રેમ અને કરૂણાના ગુણો બતાવ્યા હતા.એ પછી તેઓ ભાવનગરની શામળદાસ ગાંધી કોલેજમાં ભણ્યા અને ત્યારબાદ મુંબઈની ડેક્કન કોલેજમાં તેમણે પોસ્ટ ગ્રેજ્યુએટનો અભ્યાસ કર્યો હતો. ૧૯૫૩માં તેઓ સમાજશાસ્ત્ર વિષયમાં અનુસ્નાતક થયા,એ પછી તેમણે પીએચડીની તૈયાર કરી હતી. ૧૯૫૪માં સૌરાષ્ટ્ર સરકારમાં જોડાયા.૧૯૫૪થી ૧૯૬૨ સુધી તેમણે ગુજરાત સરકારના વર્ગ-૧ના અધિકારી તરીકે સેવા બજાવી.

બ્રહ્મલીન સ્વામી શ્રી કૃપાલ્વાનન્દજી (૧૯૧૩-૧૯૮૧) ભારતના સંતરત્ન, યોગના ઉપાસક, ભક્ત, સાચા અર્થમાં સંન્યાસી, નિરભિમાની, નિર્મોહી, નિરાસક્ત અને અતિ પ્રેમાળ, સરળ, દયાળુ અને કૃપાળુ સ્વભાવના હતા.તેઓશ્રીના સંગમાં આવનારને સંતપણાની પ્રતીતિ થતી હતી.તેમને પ્રચાર કે પ્રસિદ્ધિની કે શિષ્ય સમુદાય વધારવાની કે આશ્રમોની સ્થાપનાની ભાવના ન હતી.તેઓશ્રી દ્રઢપણે માનતા હતા કે ×સાધુ તો ચાલતા ભલા×. તેઓશ્રી સંન્યાસ લીધા પછી ગામડે ગામડે ફરી સત્સંગનું આયોજન કરતા અને શ્રીમદ ભગવદગીતા ઉપર પ્રવચનો આપતા હતા.તેઓશ્રીની વાણીની છટા અને શૈલી શ્રોતાઓને સ્વામી વિવેકાનન્દજીની યાદ અપાવતી.

સ્વામી કૃપાલ્વાનંદજીએ કાયાવરોહણ ખાતે ગુજરાતનું સર્વપ્રથમ યોગ વિદ્યાલય શરૂ કર્યું હતું.૧૧મી ફેબ્રુઆરી ૧૯૭૧ના રોજ રાજર્ષિ મુનિએ પોતાનું ઘર છોડી દીધું.થોડો સમય મલાવ રહ્યા એ પછી સ્વામી કૃપાલ્વાનંદજી પાસે કાયાવરોહણ ગયા.તેમના જન્મ દિવસે ૧૩મી ફેબ્રુઆરી,૧૯૭૧ના રોજ તેમનો સન્યાસ શરૂ થયો અને તેમને નવું નામ મળ્યું સ્વામી રાજર્ષિ મુનિ.

૧૯૭૬માં ગુરૂ સ્વામી કૃપાલ્વાનંદજીએ જોયેલું સ્વપ્ન સ્વામી રાજર્ષિ મુનિએ ૨૦૧૩માં પૂરું કર્યું. અમદાવાદમાં એસ.જી.હાઈવે પર લોટસ વ્યુ સ્વરૂપે ઊભેલી ગૌરવવંતી લકુલીશ યોગ યુનિવર્સિટીની તેમણે સ્થાપના કરી.આ સંસ્થામાં અષ્ટાંગયોગના પદવી અભ્યાસક્રમ ઉપરાંત કર્મ-જ્ઞાન અને ભક્તિયોગનું પણ શિક્ષણ અપાય છે.

રાજર્ષિ મુનિ ૧૯૭૬થી યોગ વિદ્યાલય ચલાવે છે.લાઈફ મિશન નામની સંસ્થા બનાવી,આ સંસ્થાનાં કેન્દ્રો અમેરિકા, કેનેડા, યુ.કે., રશિયામાં પણ આવેલાં છે.લાઈફ મિશન ભારતીય સંસ્કૃતિના પુનઃરૂત્થાનનું કાર્ય કરે છે.તેમના માર્ગદર્શનમાં અત્યાર સુધી લાખો લોકો યોગ શીખ્યા છે જેમાં મોટી સંખ્યામાં વિદેશીઓનો પણ સમાવેશ થાય છે.આ સંસ્થાની વિશેષતા એ છે કે અહીં યોગ શીખવા માટે એક પણ પૈસો લેવામાં આવતો નથી.રાજર્ષિ મુનિને ૨૦૧૯માં ભારત સરકારે 'પ્રધાનમંત્રી યોગરત્ન પુરસ્કાર'થી નવાજ્યા હતા.

ધ્યાનના પાંચમા સત્ર સુધીમાં સ્વામી રાજર્ષિ મુનિએ કુંડલિની જાગૃત કરી હતી.તેમણે આ વિશે લખ્યું હતું કે 'શક્તિપાતના એક અઠવાડિયામાં હું કુંડલિની નજીક આવ્યો.આ અસાધારણ પ્રગતિ માત્ર ગુરૂ અને દેવીશક્તિની કૃપાના લીધે જ શક્ય બન્યું હતું. જે સાધુ ગુરૂકૃપા પામે છે તે સાધુઓ જ કુંડલિની જાગૃત કરી શકે છે.'

સ્વામી રાજર્ષિ મુનિએ સાધનાના માર્ગે ખૂબ પ્રગતિ કરી તથા સંસ્થાને વૈશ્વિક વ્યાપ અને પ્રતિષ્ઠા અપાવી.લકુલીશ આધ્યાત્મિક પરંપરાને તેમણે સમગ્ર વિશ્વમાં ઓળખ આપી છે.પૂર્વાશ્રમમાં સોના-ચાંદીના ઘુઘરે રમેલા અને ગાડી સિવાય ક્યારેય પગ નીચે ના મૂકેલા સ્વામી રાજર્ષિ મુનિ દેશના ગામે ગામ ફર્યા.તેમણે સંસ્કાર કેન્દ્રોની સ્થાપના કરી.એ પછી તેમણે ૨૦૦૭માં જાખણ ગામમાં શ્રી રાજ રાજેશ્વરધામ ત્રિદેવ મંદિરની સ્થાપના કરી.આ વિશ્વનું એક માત્ર એવું મંદિર છે જ્યાં બ્રહ્મા વિષ્ણુ મહેશ એક સાથે બિરાજે છે.

રાજર્ષિ મુનિએ [illegible] કેરોલિના(અમેરિકા)માં આશ્રમો સ્થપાયા છે.હરિદ્વારમાં ભવ્ય 'ભગવાન લકુલીશ યોગાશ્રમ'નું નિર્માણ થઈ રહ્યું છે.તેમની અધ્યાત્મ પરંપરા ચમત્કારોમાં નહીં પરંતુ સાક્ષાત્કારમાં માને છે.સ્વામી રાજર્ષિ મુનિ વિશ્વ સમક્ષ ભારતીય અધ્યાત્મ જ્ઞાનના વારસાને ખૂલ્લો કરવા માંગતા હતા.આ પરંપરા ફક્ત ભૌતિક સુખ-સગવડોને મહત્વ ન આપતાં આત્માને આ જડ પદાર્થોની મોહમાયામાંથી મુક્ત કરવાનું સૂચવે છે.સ્વામી રાજર્ષિ મુનિએ યોગને સમગ્ર વિશ્વમાં પ્રતિષ્ઠા અપાવી છે.યોગ એટલે માત્ર કેટલાંક આસનો એવી સીમિત અને સંકુચિત ઓળખ નથી.ભક્તિયોગ,જ્ઞાનયોગ,કર્મયોગ આ બધુ મળીને જીવનયોગ થાય છે.રાજર્ષિ મુનિ ખૂબ મોટા વિદ્વાન હતા અને જીવનના પરમ સાધક હતા.આવો સમન્વય ઘણી ઓછી વ્યક્તિમાં થતો હોય છે.

સ્વામીજી કહેતા કે..અંદરથી સ્ફુરે તે જ સાચું જ્ઞાન કે જેની વિસ્મૃતિ થતી નથી,જે વિસ્મૃતિ થઇ જાય તે ફોકટિયું જ્ઞાન,તેને તો માત્ર જાણકારી,માહિતી કે ગોખણિયું જ્ઞાન જ કહી શકાય..જ્ઞાન આત્મા સાથે સંકળાયેલું છે શરીર સાથે નહીં.આત્મા નષ્ટ થતો નથી તેમ આત્મા સાથે જોડાયેલું આત્મજ્ઞાન પણ નષ્ટ થતું નથી..સાચું જ્ઞાન આત્મતત્વના અનુભવ દ્વારા જ સંભવી શકે.માત્ર પુસ્તકો કે ચર્ચાઓ દ્વારા માહિતી એકઠી કરવાથી કે ગોખણપટ્ટી કરવાથી ન મળી શકે.અનુભવ યુક્ત જ્ઞાન પ્રાપ્ત કરવાનો ઉપાય માત્ર સમ્યક સાધના જ છે.અનુભવયુક્ત જ્ઞાન એટલે સત્યયુક્ત જ્ઞાન.અનુભવરહિત જ્ઞાન સત્યથી વેગળું હોઇ શકે.

તરતાં આવડતું હોય એવી વ્યક્તિને પચ્ચીસ વર્ષે પણ પાણીમાં નાંખો છતાં ડૂબે નહીં અને જેણે માત્ર પુસ્તક જ વાંચ્યું છે તે પચ્ચીસ વર્ષ સુધી ગોખ્યા કરે તો પણ ડુબવાનો જ..! તેમ ગીતાના અઢારે અધ્યાય કંઠસ્થ કરી લીધા એટલે કંઇ ભગવાન મળી જવાના છે એવું નથી એ જ્ઞાન ગોખેલું છે.આવા ઉત્તમ અનુભવયુક્ત જ્ઞાનનો રસ્તો એટલે યોગ સાધનાનો માર્ગ..એ માર્ગે પ્રવાસ કરો તો જ સિમિત બુદ્ધિની કે તર્કની પકડમાંથી છૂટી શકાય અને તર્કવિતર્કથી છૂટકારો થાય, તો જ સંશયથી છૂટી શકાય.સંશય ટળ્યો કે આવરણ હટી જવાનું અને આત્મજ્ઞાન લાધવાનું..મનમાંથી સંશય ટાળવો જોઇએ તે માટે તર્કવિતર્ક કરનારી બુદ્ધિને બંધ કરવી જોઇએ..ભગવાનને જોવા હોય તો પહેલા આવરણયુક્ત બુદ્ધિને તાળું મારવું પડશે. બુદ્ધિને આવરણરહિત અને નિર્મળ બનાવવી પડશે.

આત્મા અને પરમાત્માનું મિલન એ જ છેવટનું અને સંપૂર્ણ સત્ય છે.આ જગતમાં માત્ર એ જ જાણવા જેવું અને અનુભવવા જેવું સત્ય છે.મૃત્યુ એ પરમ સત્ય છે તેથી તેના રહસ્યને જાણવાનું અધ્યાત્મ જગતમાં ઘણું મહત્વ છે.

આધુનિક જ્ઞાન-વિદ્યા આપણો સંસાર વ્યવહાર અને આજીવિકા ચલાવવા માટે,કમાવવા માટે જરૂરી છે તેટલા પૂરતું શીખજો એનો વાંધો નથી પણ તેને જ આખરી સત્ય ના માની લેશો,એને જ સર્વસ્વ માની ન લેશો,આધ્યાત્મિક જ્ઞાન તરફ પણ મીટ માંડજો.

કોઇ પણ જગ્યાએથી અંધશ્રદ્ધા કે અશ્રદ્ધાને નિવારીને તટસ્થ ભાવે સમજવાની કોશિશ કરીએ તો ઉપયોગી થાય તેવું જ્ઞાન જરૂર મેળવી શકાય છે.લકુલીશ અધ્યાત્મ પરંપરા ચમત્કારોમાં નહીં પરંતુ સાક્ષાત્કારમાં માને છે.સ્વામી રાજર્ષિ મુનિ વિશ્વ સમક્ષ ભારતીય અધ્યાત્મ જ્ઞાનના વારસાને ખૂલ્લો કરવા માંગતા હતા.આ પરંપરા ફક્ત ભૌતિક સુખ-સગવડોને મહત્વ ન આપતાં આત્માને આ જડ પદાર્થોની મોહમાયામાંથી મુક્ત કરવાનું સૂચવે છે.

આપણે બધા સ્વામી રાજર્ષિ મુનિએ પોતાના જીવનકાળ દરમ્યાન આપેલ આદેશ-ઉપદેશ અને બતાવેલ રસ્તે ચાલવાનો સંકલ્પ લઇએ એ જ તેમને સાચી શ્રદ્ધાંજલી છે. "જય ભગવાન"

સંકલન:વિનોદભાઇ માછી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

## રાજ્યના ૪૦૦૦ ગામમાં ફ્રી વાઈ ફાઈની સુવિધા પહોંચતી કરવાની નેમ છે - ભૂપેન્દ્રભાઈ પટેલ

ખેડા,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે આજે ઠાસરા અને ગળતેશ્વર તાલુકાના પ્રજાજનોની જનસુખાકારી અને જનસુવિધાના રૂ. ૬૨.૮૨ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોનું ઈ-ખાતમુહૂર્ત-લોકાર્પણ કરતાં જણાવ્યું હતુ કે ડિજિટલ ઈન્ડિયાને દરેક ગામ સુધી પહોંચતું કરવાની નેમ છે.

ડિજિટલ ઇન્ડિયા અભિયાન અંતર્ગત રાજ્યના ૪૦૦૦ ગામમાં ફ્રી વાઇ ફાઈની સુવિધા પહોંચતી કરવામાં આવશે.આ હેતુસર રાજ્યના આ વર્ષના બજેટમાં પ્રાવધાન કરવામા આવ્યું છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ડીજીટલ ઈન્ડિયાના સપનાને સાકાર કરવામાં ગુજરાતે આગેવાની લીધી છે, તેમ તેમણે ઉમેર્યુ હતું. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી ગુજરાતના વિકાસની યાત્રા અમે છેવાડાના સામાન્ય માનવીને કેન્દ્રમાં રાખીને આગળ વધારી રહ્યા છીએ. ગુજરાતને છેલ્લા આઠ વર્ષથી ડબલ એન્જીન સરકારનો લાભ મળી રહ્યો છે. જેને પરિણામે ગુજરાત બમણી સ્પીડે આગળ વધી રહ્યું છે તેમ મુખ્યમંત્રી શ્રીએ જણાવ્યું હતું.ખેડા જિલ્લામાં સંવત્સરી અને ગણેશ ચતુર્થીના પાવન પર્વે આજે વિકાસનો યજ્ઞ આરંભાયો છે, તેમ જણાવતા મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, સારા કાર્યો માટે હંમેશા પહેલા ગણપતિને યાદ કરવા પડે છે તેવી રીતે આજે ગણેશ ચતુર્થીના પવિત્ર દિન ખેડા જિલ્લામાં લોકોપયોગી વિકાસના અનેકવિધ કાર્યોનો શુભારંભ કરવામાં આવ્યો છે.તેમણે કહ્યું હતું કે, છેવાડાના માનવી સુધી યોજનાના લાભોની સાથે વિકાસનું કાર્ય પહોંચે તેનો સંનિષ્ઠ પ્રયાસ સરકાર કરી રહી છે. સરકારે છેવાડાના અંતરિયાળ વિસ્તારો સુધી રસ્તા, વીજળી, પાણી સહિતની અનેકવિધ પ્રાથમિક અને આંતર માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવી છે.

દરેક તાલુકા અને છેવાડાના ગામ સુધી વિકાસ પહોંચ્યો હોવાનું જણાવતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, બે દાયકા પૂર્વે રાજ્યમાં રસ્તા, વીજળી, પાણી જેવી પાયાની સુવિધાના અભાવે ઉદ્યોગ ધંધા તાલુકા - ગ્રામ્ય કક્ષાએ પહોંચ્યા નહોતા અને ઉદ્યોગોનો વિકાસ રૂંધાયો હતો. તે આ સરકારે ખૂટતી કડીઓ જોડી દૂર કર્યો છે.

કોવિડના કપરા સમયમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં દેશબાંધવોએ અસરકારક સામનો કર્યો હતો, તેની ભૂમિકા આપતા મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, સમયસર કોરોના વેક્સીનેશન થકી દેશ આ આફતના સમયમાંથી બહાર આવી ગયો. કોરોના સમયે ધંધા - રોજગાર ગુમાવનારની પડખે સરકાર રહીને કોઈ પણ દરિદ્રનારાયણ ભૂખ્યો ન સુવે તેની ચિંતા કરી છે. આજે પણ આ સેવાયજ્ઞ થકી લાખો લોકોને અનાજ નિઃશુલ્ક અપાઈ રહ્યું છે. તેમણે ઉમેર્યુ કે, કોવિડ મહામારી બાદ ગુજરાત રાજ્યે સૌથી મોટું બજેટ આપ્યું છે. નીતિ આયોગ પ્રમાણે દેશભરમાં ગુજરાત નાણાકીય વ્યવસ્થાપનમાં પ્રથમ ક્રમાંકે છે અને તીવ્ર ગતિથી આગળ ધપી રહ્યું છે.કેન્દ્રીય સંચાર મંત્રી શ્રી દેવુસિંહ ચૌહાણ કહ્યું હતું કે આજે ખેડાની ધરતી ઉપર સોનાનો સુરજ ઉગ્યો છે. મુખ્યમંત્રીશ્રીના હસ્તે વિકાસના ગણેશ મંડાયા છે. જિલ્લામાં ૧૦૦ કરોડથી વધુના વિકાસ કાર્યોનું આજે ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું છે. ગુજરાતની જનતાની પરિપક્વતાની સાથે સરકારની વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાના કારણે આજે ગુજરાતમાં વિકાસના અનેકવિધ કાર્યો થઈ રહ્યા છે.

ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણે જણાવ્યું કે, ×સૌના સાથ, સૌના વિકાસ×ના મંત્રને વરેલી સરકારે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વડપણ નીચે ગુજરાતને વિકાસની નવી દિશા બતાવી છે. રાજ્યમાં લોકકલ્યાણકારી યોજનાઓના સફળ અમલીકરણ દ્વારા છેવાડાના માનવી સુધી તેના લાભો પહોંચાડ્યા છે.

આ તકે મુખ્યમંત્રીશ્રીએ ઈ-તકતી અનાવરણ દ્વારા ઠાસરા અને ગળતેશ્વર તાલુકાના અંદાજિત રૂપિયા ૬૨.૮૨ કરોડના ૭૨ વિકાસ કામો ખાતમૂર્હુત - લોકાર્પણ કર્યા હતા. આ કાર્યક્રમમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની એન. આર.એલ.એમ યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, માતૃશક્તિ યોજના, આંબેડકર આવાસ યોજના અને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના જેવી વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સહાય ચેક તેમજ કીટ્સનું મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે પંચાયત રાજ્યમંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજા, પંચમહાલના સાંસદ શ્રી રતનસિંહ રાઠોડ, ધારાસભ્ય શ્રી કાંતિભાઈ પરમાર, કલેકટરશ્રી કે.એલ બચાણી, ઠાસરા તાલુકા પંચાયતના પ્રમુખશ્રી કાનજીભાઈ પરમાર, ગળતેશ્વર તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી નમ્રતાબેન પટેલ, ઠાસરા નગરપાલિકાના પ્રમુખશ્રી શ્રી હેમેન્દ્રભાઈ પટેલ, ડાકોર નગરપાલિકાના પ્રમુખશ્રી રાજેશભાઈ પટેલ, અગ્રણીઓ સર્વ શ્રી ગોરધનભાઈ ઝડફીયા, શ્રી ભાર્ગવભાઈ , શ્રી વિપુલભાઈ પટેલ, અમુલ ડેરીના ચેરમેનશ્રી રામસિંહ પરમાર તથા રાજ્ય સરકારની વિવિધ યોજનાના લાભાર્થીઓ સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## બાળાસાહેબ ઠાકરેના વાસ્તવિક અનુગામી છે એકનાથ શિંદે : રામદેવ



મુંબઈ,તા.૩૧

યોગ ગુરુ રામદેવ અહીં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને મળ્યા હતા અને તેમને શિવસેનાના સ્થાપક બાળાસાહેબ ઠાકરેના યોગ્ય અનુગામી ગણાવ્યા હતા. આ પહેલા રામદેવ ડેપ્યુટી સીએમ અને બીજેપી નેતા દેવેન્દ્ર ફડણવીસને પણ મળ્યા હતા. મીડિયા સાથે વાત કરતા રામદેવે કહ્યું કે મુખ્યમંત્રી શિંદે 'સનાતન હિન્દુત્વ'ના પ્રતીક છે અને તેઓ શિવસેનાના સ્થાપક સ્વર્ગસ્થ બાળાસાહેબ ઠાકરેના આદર્શોને અનુસરી રહ્યા છે.

હવે એકનાથ શિંદે બાળાસાહેબ ઠાકરેના હિંદુત્વ વારસાના સાચા વારસદાર છે. બીજી તરફ શિવસેનાના પ્રવક્તાએ રામદેવની ટિપ્પણી પર આકરી પ્રતિક્રિયા આપી છે.

રામદેવના ભત્રીજા રવિ રાણા અમરાવતીથી અપક્ષ ધારાસભ્ય છે. રાણાની પત્ની નવનીત કૌર રાણા આ જ જિલ્લામાંથી અપક્ષ સાંસદ છે. માતોશ્રી, નવનીત કૌર રાણા અને ઉદ્ધવમાં હનુમાન ચાલીસા વાંચવાને લઈને વિવાદ થયો હતો. બાદમાં નવનીત અને તેના પતિ રવિ રાણાની ધરપકડ કરવામાં આવી હતી. બાદમાં તેના પર રાજદ્રોહનો કેસ ચલાવવામાં આવ્યો હતો, જે બાદમાં બોમ્બે હાઈકોર્ટ દ્વારા રદ કરવામાં આવ્યો હતો.

પ્રવક્તા કિશોર તિવારીએ કહ્યું કે બાળાસાહેબ ઠાકરેના વારસા પર ટિપ્પણી કરવા માટે રામદેવ અસ્તિત્વ ધરાવે છે, તેઓ કોણ છે? રામદેવ પોતે કલંકિત વ્યક્તિ છે. તિવારીએ કહ્યું કે રામદેવ એકનાથ શિંદે અને ફડણવીસના અપવિત્ર ગઠબંધનને સ્વ-પ્રમાણપત્ર આપી રહ્યા છે. હાલત એ છે કે આ ગઠબંધન રાજ્યની જનતાની વિશ્વસનીયતા કે સન્માન પણ મેળવી શક્યું નથી અને મામલો કોર્ટમાં પેન્ડિંગ છે. શિવસેના-રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી-કોંગ્રેસ એમવીએને ટેકો આપનારા એકનાથ શિંદે અને અન્ય ૫૦ ધારાસભ્યોના અચાનક બળવાને પગલે ઉદ્ધવ ઠાકરેએ જૂનના અંતમાં મહારાષ્ટ્ર સરકારમાંથી રાજીનામું આપવું પડ્યું હતું. બાદમાં એકનાથ શિંદેએ મુખ્યમંત્રી અને દેવેન્દ્ર ફડણવીસે નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા.

## બંધક બનાવી ડામ આપ્યો, વિકલાંગ આદિવાસી યુવતીના આક્ષેપો બાદ સસ્પેન્ડેડ ભાજપ નેતાની ધરપકડ

ઝારખંડ,

ઝારખંડમાં ઘરેલુ મદદનીશને પ્રતાડિત કરવાના આરોપસર સસ્પેન્ડેડ ભાજપના નેતા સીમા પાત્રાની ધરપકડ કરી લેવાઈ છે. સીમા પાત્રા પર એવો આરોપ છે કે, તેમણે પોતાની ઘરેલું મદદનીશને ગોંધી રાખી હતી અને તેના સાથે ખૂબ જ ક્રૂરતાપૂર્વક વ્યવહાર કરવામાં આવ્યો હતો. સીમા પાત્રા ભાજપના મહિલા વિંગના રાષ્ટ્રીય કાર્યસમિતિ સદસ્ય હતા. સાથે જ તેઓ બેટી બચાઓ-બેટી પઢાઓના રાજ્ય સંયોજક પણ હતા.જ્યારે તેમના પતિ મહેશ્વર પાત્રા એક સેવાનિવૃત્ત આઈએએસ અધિકારી છે. સોશિયલ મીડિયામાં ઘરેલુ મદદનીશનો અત્યાચારનો આરોપ લગાવતો એક વીડિયો ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે. એવો આરોપ છે કે, સીમા પાત્રાએ વિકલાંગ આદિવાસી યુવતીને પોતાના ઘરે બંધક બનાવીને રાખી હતી અને ૮ વર્ષથી તેને હેરાન કરવામાં આવી રહી હતી. પીડિત મહિલાના શરીર પર ઈજાના અનેક નિશાનો છે અને તેણે પોતાને અનેક વખત ગરમ તવાથી ડામ આપવામાં આવ્યા હોવાનો દાવો કર્યો હતો.વીડિયોમાં જોઈ શકાય છે કે, પીડિત મહિલા હોસ્પિટલના ખાટલે સૂતી છે. તેના અનેક દાંત તૂટેલા છે અને તે સરખી રીતે બેસી પણ નથી શકતી. તેણે રડીને પોતાની પીડા વર્ણવતા જણાવ્યું હતું કે, તેના દ્વારા જીભ વડે જમીન સાફ કરાવડાવવામાં આવી હતી, પેશાબ ચાટવા મજબૂર કરવામાં આવી હતી અને તેના દાંત તોડી નાખવામાં આવ્યા હતા. ઝારખંડના ગુમલાની રહેવાસી ૨૯ વર્ષીય પીડિતા આશરે દસેક વર્ષથી પાત્રા પરિવારના ત્યાં કામ કરી રહી હતી.

# મિલારી છાંગટ તુમ આગે બઢો હમ તુમ્હારે સાથ હૈ!!!

" મિલારી છાંગટે બરાબર કર્યું છે. લાતો કે ભૂત બાતો સે નહીં માનતે!!" રાજુ રદીએ હવામાં મુક્કા ઉછાળીને મિલારીને સમર્થન આપ્યું.

" રાજુ કોઇ મિલારી છે? એ કોની દુલારી છે?"રાજુની વાતમાં સમજ ન પડતાં મેં માથું ખંજવાળીને સવાલ કર્યો.

"ગિરધરભાઇ. તમે ભારત દેશમાં રહો છો?" રાજુએ મારી માદયહર્કતા બાબતે એનસીએ જેવો સવાલ કર્યો.

" હું તમે કયાં એંગલથી રોહિંગ્યા કે બાંગ્લાદેશી લાગું છું?" મેં આકળા થઇને રાજુને સવાલ પૂછ્યો.

" ગિરધરભાઇ . મિલારી છાંગટ મિઝોરમની રહેવાસી છે" રાજુએ માહિતી આપી.

" મિલારી , કોમનનેલ્થ ગેમમાં બોકસિંગમાં મેડલ જીતી છે? મેરી કોમની જેમ?" કોમનવેલ્થ ગેમના હેંગઓવરમાં મે સવાલ કર્યો.

" ગિરધરભાઇ. મિલારી છાંગટે ચામડીની મહિલા ડોકટરને લાફો રસીદ કર્યો!" રાજુએ પૂરક માહિતી રજૂ કરી.

" લાફો મારવાનું કારણ ?" મેં એલસીબી જેવી પૂછપરછ કરી.

"મામૂલી કારણ"રાજુ રદીએ કહ્યું

"શું કારણ?" મેં ફરી પૂછયું.

"મિલારીએ ડોકટરની એપોઇન્ટમેન્ટ લીધી ન હતી અને સારવાર કરાવવી હતી. ડોકટરે ઇન્કાર કર્યો. મિલારી છાંગટ યુવાન લોહી. એનું લોહી ઉછાળા મારે. એને ગુસ્સો આવી ગયો. પહાડી પ્રજાને ગુસ્સો નાક પર હોય. મિલારીએ આવ ન જોયો, તાવ ન જોયો, અભાવ ન જોયો, સ્વભાવ ન જોયો ! ડોકટરને લાફો મારી દીધો." રાજુ રદીએ વિગતો આપી.

આ મિલારી છાંગટની પારાયણ કરે છે. પણ મિલારી છે કોણ?" મેં રાજુને પૂછયું.

" મિલારી છાંગટ મિઝોરમના મુખ્યમંત્રી ઝોરમથંગાની સુપુત્રી છે." રાજુએ કહ્યું.

" ઓહ ! વીઆઇપી છે. સેલિબ્રિટી છે. એણે થોડી ડોકટરની એપોઇન્ટમેન્ટ લેવાની હોય? મુખ્યમંત્રીની દીકરી ઝખ મારવા થોડી થઇ છે? મંત્રીનું કૂતરું તે કહે એ કાયદો હોય!!આ કંઇ લાલ બહાદુર શાસ્ત્રી યુગ છે? એના દીકરાને કોલેજમાં એડમિશન લેવા લાઇનમાં ઉભો રાખેલ. બાકી તો કોલેજના પ્રિન્સિપાલ એડમિશન દેવા વડાપ્રધાનના ઘરે ચાર કલાક ફિલ્ડિંગ ભરે ? સતા કે ખુરશી છે ત્યાં સુધી વીવીઆઇપીનો પ્રિવિલેજ છે! ખુરશી પર ઉતર્યા પછી કોણ સલામ મારે છે?? મિલારીએ બરાબર કર્યું છે. પેલી બદતમીજ ડોકટર એ જ લાગની હતી. વીઆઇપી દર્દીને વગર એપોઇન્ટમેન્ય સારવાર ન કરવાની ધૃષ્ટતા કેવી રીતે કરી શકે? ગાંધીનગરમાં એક એસપીએ મુખ્યમંત્રીના પુત્રને લાફો મારી દીધેલો. પેલા મુખ્યમંત્રી પુત્રે " હું મુખ્યમંત્રીનો પુત્ર છું." એવો પરિચય આપ્યો. એસપી માથાફરેલ હશે. બીજો ફડાકો મારીને કહ્યું કે તારા બાપને કહેજે કે ફલાણા એસપીએ મને ફડાકો માર્યો છે. એ યુગ અલગ હતો!આમજનતા તો પરચૂરણ કહેવાય.,વીઆઇપી રોકડો રાણીછાપ ખણખણતો રૂપિયો કહેવાય!!?મિલારીએ બરાબર સજા કરી! જેથી કોઇ વીઆઇપી સામે માથું ઊંચકવાની અનધિકૃત ચેષ્ટા ન કરે!! પોલીસે પેલી ડોકટર સામે એનએસએ કે ગુંડાધારા હેઠળ કેસ ઠોકી દેવો જોઇએ મિલારી વેલડન. મિલારી તુમ આગે બઢો, હમ તુમ્હારે સાથ હૈ!!!!" અમે મિલારીની ખુલ્લેઆમ તરફેણ કરી.

"પણ ગિરધરભાઇ મિલારીના પપ્પા એટલે મુખ્સમંત્રી ઝોરમથંગાએ ટવિટ કરી ડોકટરની માફી માંગી લીધી." રાજુએ લેટેસ્ટ અપડેટ રજૂ કરી.

આવા માટીપગા મુખ્યમંત્રીને લીધે દેશ પાછળ રહી જાય છે!!

ભરત વૈષ્ણવ

૨૩.૮.૨૦૨૨.

( આ એક હાસ્યલેખ છે. બંધબેસતી પાઘડી પહેરવી નહીં. કોઇનું અપમાન કરવાનો લેશમાત્ર ઇરાદો નથી.)

*************************************

## મુકે છે

રોજ રોજ ઉના ઉના નિસાસા મુકે છે,
સીધા, ઉભા,આડા નહીં ત્રાંસા મુકે છે.
મારા પર ખુદ જનોઇવઢ પ્રહાર કરે છે,
પછી બંધ લિફાફામાં દિલાસા મુકે છે.
રાંઢવે બાંધીને વાદળોને નિચોવી લે છે,
અફઘાનિસ્તાન તગેડવાના જાસા મુકે છે
નજર મળે કે પ્રેમ થાય તેવું એકાદ હોય,
આવા એક નહીં એકોતેર કિસ્સા મુકે છે.
આવું થાય કદી સ્વપ્નમાં વિચાર્યું ન હોય,
બગાસું ખાવ ને કોઇ મોમાં પતાસા મુકે છે!!
ભરત વૈષ્ણવ
૧.૯.૨૦૨૧.# કવિતા

## ચેમ્પિયનમાં ચાણસ્મા તાલુકા નું નામ રોશન કરતો શ્લોક પટેલ




રિપોર્ટ નિખિલ જોશી
પાટણ બ્યુરો

રાજય સરકાર તેમજ ભારત સરકાર દ્વારા વિવિધ ચંદ્રકો તેમજ ગોલ્ડ મેડાલિસ્ટ આપવામાં આવતા હોય છે ત્યારે ચાણસ્માના મૂલથણીયા ગામના પટેલ પરિવાર ના પણ એક વિદ્યાર્થીને રજત ચંદ્રક મળતા પરિવાર સહિત ચાણસ્મા તાલુકામાં પણ ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.યુગપુરુષ સ્વામી વિવેકાનંદ સપોર્ટ કોમ્પ્લેક્સ આણંદ ખાતે તારીખ ૨૭ ઓગસ્ટ ના રોજ યોજાયેલા રાજય કક્ષાની કરાટે ચેમ્પિયન માં પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના શ્લોક કિરણભાઈ પટેલ દ્વારા ઝળહળતો વિજય મેળવવા બદલ કક્ષાએથી રજત ચંદ્રક એવોર્ડ મળેલ હતો ત્યારે સમગ્ર ચાણસ્મા તાલુકો તેમજ પરિવારોમાં ખુશીની લાગણી ફેલાઈ હતી




# ન્યૂઝ ઑફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO : 0117

વિષય : સંયોગ - વિયોગ

'અવસર'

મહેતા પરિવાર આજે ખુશીથી ઝૂમી ઉઠ્યો હતો.કારણકે,પરિવારની નવ- નવ મહિનાની આતુરતાના અંતે વિશ્વાને પ્રસુતિ માટે હોસ્પિટલ લઈ જવાઈ હતી.દરેક જણના ચહેરા પર એક અલગ જ ખુશી વર્તાઈ રહી હતી.ઘરના સૌ લોકો નાનકડા મહેમાનને મળવા માટે આતુર હતા,અને વિશ્વા તો જાણે ખુશી થી પાગલ થઈ ગઈ હતી. બાળકને મળવા અધીરી થઈ રહી હતી.નવ-નવ મહિનાથી તે જેની રાહ જોઈ રહી હતી આજે તે એને મળવાનું હતું.

વિશ્વાને ઓપરેશન રૂમમાં લઈ જવાઈ.પરિવારજનોને નાનકડા બાળને મળવાની તાલાવેલી હતી. થોડી વાર બાદ અંદર રૂમ માંથી બાળકના રડવાનો અવાજ આવ્યો.સૌ એકદમ ખુશ-ખુશ હતા.દીકરો હશે કે દીકરી એની અટકળો લગાવતા હતા.અને એટલો ખુશીનો માહોલ હતો જાણે કે દિવાળી.

થોડા સમય બાદ વિશ્વાને હોશ આવ્યો.તેને તેના બાળકને હાથમાં લીધું.જેને તે ક્યારેય મળી નથી,છતાંય તેના માટે આટલો સ્નેહ હતો, જેના આગમનની વાત થી જ એ માતાના ચહેરા પર અલગ જ લાલી આવી જતી હતી, જેને એક વાર સ્પર્શ કરવા એ નવ મહિના થી રાહ જોઈ રહી હતી, જેને એક વાર કપાળ પર ચુમવા એ માતા એ આટલી વેદના અને કષ્ટ સહન કર્યા હતા,જેને એક વાર નિહાળવા એ માતાની આંખો તરસી રહી હતી,આખરે એ સમય આવી ગયો.એ માતા અને બાળકના સંયોગ નો સમય આવ્યો.વિશ્વા તો જાણે નિઃશબ્દ હતી. બાળકના એ નાના-નાના હાથને ચૂમી રહી હતી. અને બાળકને બસ નિખાલસતાથી જોઈ રહી હતી.ચહેરા પર સ્મિત હતું અને આંખો માં આંસુ.એક અવર્ણનીય પલ હતી.

અને અચાનક બાળકની આંખો બંધ થઈ ગઈ.તેના ધીમે-ધીમે હાલતાચાલતા હાથ પગ બંધ થઈ ગયા. વિશ્વાને કંઈક અજુગતું લાગ્યું;તેને કંઈક આભાસ થયો. એટલે એને તરત જ ડોક્ટરને બોલાવ્યા.ડોક્ટરે બાળક ની નાડી તપાસી અને કહ્યું કે,

'વિશ્વા, આ બાળક આટલી જ પળ તારી સાથે વિતાવવાની લખાવીને આવ્યું હશે.'

'માત્ર પાંચ મિનિટ ? મારો અને મારા બાળક નો સંયોગ માત્ર આટલો જ ?'

(વિશ્વાને માથે તો જાણે આભ તુટી પડ્યું.તે ન પોતાના જન્મેલા બાળકને જોઇને ખુશ થઈ થઈ શકતી હતી,કે ન તો સત્યને સ્વીકારી પોક મૂકીને રડી શકતી હતી. કેવી હશે એ કરૂણ ક્ષણ ? જેમાં સંયોગ અને વિયોગનો સમન્વય હતો.!

કેવી મનોદશા હશે વિશ્વાની, જે બાળકને ચૂમવા અને તેને રમાડવા તરસી રહી હતી,તો બીજી તરફ એ બાળક સાથે વધુ લાગણી ન બંધાય તેના માટે પ્રયત્ન કરી રહી હતી.

પાંચ મિનિટનો સંયોગ અને આજીવનનો વિયોગ !શું વિશ્વા સહન કરી શકશે ?)

- મેઘના કામદાર
(અમદાવાદ)

**********************************

NOG SS No :-109

શિર્ષકઃ-સંયોગ /
બાબુ સંગાડા'મહેક'
પ્રકારઃ-પદ્ય

ડુંગરો ભેટી રહ્યા,
ઝૂંકી મારી ખાંખ વચ્ચે,
વાદળ મધ્યસ્તિમાં પડયા,
મનોહર ...અતિમનોહર,
દ્રશ્ય ક્ષિતિજ બાવળી બની પી રહી.
હમણા સહરો ઓઢીં પડી'તી ધરા,
કોઈ બિચારી અબળા સ્ત્રી જેવી.
આંખો આંસૂ હતા,
ભડભડ હૈયું બળતું હતું,
નખ વૈશાખી ઉઝરડાયા આખે દેહ હતા.
અચાનક છલકી ગયું,
આનંદનું મોજું,
પુલંક્તિ વમળો દોડવા લાગી,
સમાચાર જાણી,
કોઈ પગલા આવી રહ્યા છે,
મોજિલા,
આંખોમાં નશો,વસંતનું ગીત,
વર્ષોની આગ,
જોમ કેટલું ?જુવો ?
જાણે યૌધ્ધો યુંધ્ધમેદાન તરફ ચાલ્યો.

**********************************

*NOG SS No* : *0110*

પ્રકાર : ગદ્ય- મૌલિક લેખ

વિષય : સંયોગ-વિયોગ

શબ્દો : ૩૪૮

શીર્ષક : 'રામાયણ અને વિયોગ પ્રસંગો'

લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

જીવનમાં કેટલાય એવા સંયોગના સર્જન થાય છે જ્યારે ચાહે ન ચાહે વિયોગની પરિસ્થિતિ સર્જાય છે. વિયોગ કોઈને પસંદ હોતો નથી ખાસ કરીને આપણા પોતીકા અને હૃદયની નજીક રહેલી વ્યક્તિઓનો વિયોગ અસહ્ય અને પીડાદાયક હોય છે. કારણ ગમે તે હોય સુખદ હોય કે દુઃખદ હોય, ટૂંકા ગાળાનો હોય કે કાયમી, પરંતુ વિયોગ મનને અસર કરી જનાર હોય છે.

આપણે આપણા મહાગ્રંથ રામાયણમાંથી અમુક પ્રસંગો જોઈશું જેમાં સંયોગ અને વિયોગની પરિસ્થિતિઓનું અને તેમાં સંકળાયેલા પાત્રોની મનોસ્થિતિનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં દર્શાવેલ વિરહના પ્રસંગો, લાગણી અને સંવેદનાઓની આપ-લે અને તેમાંથી ઉત્પન્ન થતી વિકટ પરિસ્થિતિઓમાં વ્યક્તિનું આદર્શ આચરણ કેવું હોવું જોઈએ તેનું નિદર્શન કરેલું છે જે આજના યુગમાં પણ માર્ગદર્શક છે.

એક પ્રસંગમાં પિતા રાજા દશરથ દ્વારા પુત્ર શ્રીરામને અપાતા ૧૪ વર્ષના વનવાસના આદેશનો છે. એક પિતા માટે વ્હાલસોયા પુત્રને રાજસિંહાસનને બદલે વનમાં જવાનો આદેશ કરવો કેટલો કઠિન હોય છે તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

રાજા દશરથના મનમાં ઉપસ્થિત થતી વિડંબણા અને પોતાના રઘુકુળની રીત મુજબ 'પ્રાણ જાય પર વચન ન જાય' મુજબ પોતાના હૃદય પર પથ્થર મૂકીને પુત્ર શ્રીરામને વનમાં જવાનો આદેશ આપે છે. અને પુત્ર તરીકે શ્રી રામની નિષ્ઠા તો જુઓ. પિતાના બોલ ઉપર કોઈ સંશય નહીં. પિતાના વચનનું માન રાખવા ક્ષણવારમાં રાજગાદીનો ત્યાગ કરીને વન માટે પ્રયાણ કરવાનું નક્કી કરે છે. બીજી તરફ પુત્રવિયોગની આકરી પરિસ્થિતિ સહન ન થતાં પિતા રાજા દશરથ પોતાનો પ્રાણ ત્યાગે છે. આ વિયોગની પરિસ્થિતિમાં પણ પિતા અને પુત્ર બંને પાત્રો પોતાની મર્યાદા ત્યાગતા નથી અને પોતાના ધર્મનું પાલન કરે છે.

બીજા પ્રસંગમાં શ્રીરામ જ્યારે વનવાસ માટે પ્રયાણ કરે છે ત્યારે જેને રાજગાદી અપાવવા માટે માતા કૈકૈયીએ પતિ રાજા દશરથ ઉપર વચનપાલનનું દબાણ કરીને પુત્ર શ્રીરામને રાજગાદી છોડીને વનમાં મોકલવા માટેનો આદેશ કરાવ્યો હતો તેવા શ્રીરામના નાનાભાઈ ભરતે પોતે પણ મોટાભાઈ શ્રીરામના વિયોગમાં રાજગાદીનો ત્યાગ કરી રાજગાદી ઉપર શ્રીરામની ચરણપાદુકાને સ્થાપિત કરીને એક ઉત્કૃષ્ટ ભાતૃપ્રેમનું ઉદાહરણ પ્રસ્તુત કર્યું. સંયોગ અને વિયોગની આ પરિસ્થિતિઓમાં નિષ્ઠા, દ્રઢતા અને સ્થિરતાથી શ્રીરામ અને ભરત બંને ભાઈઓએ પોતપોતાના ધર્મનું પાલન કર્યું.

શ્રીરામના વનવાસ દરમિયાન સીતાજીનું રાવણ છળપૂર્વક હરણ કરીને લંકામાં લઈ ગયો. ખૂબ લાંબા સમય સુધી સીતાજીને અશોકવાટિકામાં કેદ રાખ્યા. શ્રીરામ તથા સીતાજીનો વિયોગ અને રાવણની સીતાજી પ્રત્યેની મેલી મંછા શ્રીરામને રાવણ સાથે મહાધર્મયુદ્ધ કરવા તરફ દોરી ગયું.

**********************************

NOG SS No : 0073

પ્રકારઃ ગદ્ય

વિષય : ઘરનાં ગણેશ

શ્રી ગણેશાય નમઃ.

મિત્રો આપણે દરવર્ષે ગણપતિજીને ધામધૂમથી આપણે ત્યાં પધરામણી કરાવીએ અને એનું વિસર્જન પણ કરાવીએ ,એ દરમ્યાન માં આપણને ઈશ્વર આપણે ઘરે આવ્યા છે એવો ભાવ થાય છે ,અને વિસર્જન વખતે ઈશ્વર આપણા ઘરેથી જતા રહેશે એનું દુઃખ પણ થાય છે,,,

મિત્રો તમે ક્યારેય એવું વિચાર્યું છે ઈશ્વર એમની શરીર રચનાથી કેટલું બધું આપણને કહી જાય છે આપણે કેટલું બધું શીખવાનું છે,ગણેશજી એમના મોટા પેટ થકી દરેક વાતને પેટમાં રાખવાનું કહે છે,કોઈની વાત કોઈને કરવી નહીં,એમની જીણી આંખો આપણને દરેક જીણી વાત જોવાનું શીખવે છે,એમના મોટા કાન આપણ ને દરેક વાત સ્પષ્ટ સાંભળવાનું કહે છે,જેટલું જરુરી છે એટલુંજ ગ્રહણ કરો બીજું મોટા કાનમાંથી કાઢી નાંખો,એમની લાંબી સુઢ આપણને જેટલી આપણી પહોંચ હોય એટલુંજ કરવું ,એમની ચાર ભુજા એ શીખવે છે બે હાથે કામ કરો બીજા બે હાથે ઈશ્વર આપે છે,એમનું મોટું શરીર એ શીખવે છે કે દરેક મોટું શરીર,સુંદરજ હોય છે, મસ્ત રહો ખુશ રહો,એમા પણ ઈશ્વરનો વાસ હોય છે,ભગવાન દર વર્ષે આવે છે દરવર્ષે શીખવે છે કે પોતાની મસ્તી માં જીવો મસ્તરહો,

બધુજ ઈશ્વર પર છોડો ઈશ્વરમય રહો,સદા આનંદિત રહો,ગણેશ ઉસત્વ એટલે ભક્તિ મસ્તીને આનંદ નો ઉસત્વ, આવો આપણે દરેક સાથે મળી ને આ દસ દિવસ ઈશ્વરની સમીપ રહી તેનો આનંદ માણીએ..

નયના પટેલ..વડોદરા..

મારી સ્વરચિત રચના....

## અપહરણ, ખંડણી, ચોરી કેસમાં સામેલ

# કાયદામંત્રી કાર્તિકેય સિંહ પાસેથી મુખ્યમંત્રી નીતીશે કાયદા મંત્રાલય છીનવી લીધું !!

પટણા,તા.૩૧

બિહારમાં રાજકીય ડ્રામા વચ્ચે મુખ્યમંત્રી નીતિશ કુમારે અપહરણના આરોપોમાં ઘેરાયેલા કાર્તિકેય સિંહ પાસેથી કાયદા મંત્રાલયની જવાબદારી છીનવી લીધી છે. હવે તેમને શેરડી અને ઉદ્યોગ વિભાગ સોંપવામાં આવ્યો છે.

કાયદા મંત્રાલયની જવાબદારી હવે શમીમ અહેમદ સંભાળશે. શમીમ અહેમદ અગાઉ બિહાર સરકારના શેરડી-ઉદ્યોગ મંત્રી હતા. જણાવી દઈએ કે કાર્તિકેય કુમાર સિંહ વિરુદ્ધ અપહરણનો કેસ નોંધાયેલો છે અને આ કારણથી કોર્ટે તેમની વિરુદ્ધ વોરંટ જારી કર્યું હતું અને ૧૬ ઓગસ્ટે તેમને સરેન્ડર કરવા માટે કહ્યું હતું.બાહુબલી કાર્તિકેયે આત્મસમર્પણ કરવાને બદલે એ જ દિવસે કાયદા પ્રધાન તરીકે શપથ લીધા ત્યારે વિવાદ ઊભો થયો હતો.

વાસ્તવમાં વર્ષ ૨૦૧૪માં એક વ્યક્તિનું અપહરણ કરવામાં આવ્યું હતું. બિહારના નવા કાયદા મંત્રી કાર્તિકેય સિંહ પણ આ કેસમાં આરોપી છે. કોર્ટે તેની સામે વોરંટ જારી કર્યું છે. તેઓ ૧૬ ઓગસ્ટે હાજર થવાના હતા પરંતુ તે દરમિયાન તેઓ શપથ લઈ રહ્યા હતા. કાર્તિકેય સિંહે ન તો કોર્ટ સમક્ષ આત્મસમર્પણ કર્યું છે કે ન તો જામીન માટે અરજી કરી છે. કોર્ટે હવે આ કેસમાં સુનાવણીની આગામી તારીખ ૧ સપ્ટેમ્બર કરી છે.મોકામાના શિવનાર ગામના રહેવાસી કાર્તિકેય સિંહ રાજકારણમાં આવતા પહેલા શિક્ષક હતા. તેમની પત્ની રંજના કુમારી સતત બે ટર્મથી પ્રમુખ રહી ચુક્યા છે. કાર્તિકેય ૨૦૦૫માં મોકામાના પૂર્વ ધારાસભ્ય અનંત સિંહના સંપર્કમાં આવ્યો હતો. 'છોટે સરકાર' તરીકે ઓળખાતા અનંત સિંહ એટલા નજીક આવ્યા કે 'છોટે સરકાર' કાર્તિકેય માસ્ટરને તેમના ચૂંટણી વ્યૂહરચનાકાર બનાવ્યા.

જયારે અનંત જુદા જુદા કેસમાં જેલમાં હતો ત્યારે કાર્તિકેય તેનું તમામ કામ કરી લેતો. મોકામાથી પટના સુધી અનંતના દરેક કાર્યને પૂર્ણ કરવાની જવાબદારી કાર્તિકેય પર આવી. તે જ વર્ષે, અનંત સિંહની સજા પછી, તેમની વિધાનસભા જતી રહી. હવે અનંત સિંહની મોકામા સીટ પર પેટાચૂંટણી યોજાવાની છે. અનંતની પત્ની નીલમે આ બેઠક પરથી ચૂંટણી લડવાની જાહેરાત કરી છે.

ચૂંટણી એફિડેવિટમાં કાર્તિકેયે તેમની સામે નોંધાયેલા ચાર કેસની માહિતી આપી છે. આ કેસોમાં, તેના પર ચોરી, અપહરણ, તોફાનો, સરકારી કામમાં અવરોધ, ગુનાહિત કાવતરું, ખંડણી, ઘાતક હથિયારોથી સજ્જ રમખાણો જેવા આરોપોનો સામનો કરવો પડે છે. આ સાથે તેમના પર જાહેર માર્ગ, પુલ, નદી કે નાળાને નુકસાન પહોંચાડવાનો પણ આરોપ છે.

# વિદેશી ચલણ લઈને મુસાફર દિલ્હીથી દુબઈ જઈ રહ્યો હતો, સીઆઇએસએફએ ઝડપ્યો

નવીદિલ્હી

દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર વિદેશી ચલણ છુપાવવાની અનોખી રીત સામે આવી છે. સીઆઇએસએફએ એક મુસાફરને ઝડપી લીધો છે, જે ડ્રેસમાં ૧.૮૫ લાખ સાઉદી રિયાલ (ભારતીય ચલણ અનુસાર લગભગ ૪૧ લાખ) છુપાવીને વિદેશ જઈ રહ્યો હતો.આ ઘટના મંગળવારે સવારે લગભગ ૪ વાગ્યાની છે, જયારે ટર્મિનલ-૩ પર ચેકિંગ દરમિયાન એરપોર્ટ ઈન્ટેલિજન્સે પેસેન્જરની શંકાસ્પદ એક્ટિવિટી જોવામાં આવી હતી. એરપોર્ટ ઈન્ટેલિજન્સે આ અંગેની સીઆઇએસએફને જાણ કરી હતી. ત્યાર બાદ આ તમામ કાર્યવાહી કરવામાં આવી. મુસાફરનું નામ મિસમ રઝા છે અને તે સ્પાઈસ જેટની ફ્લાઈટથી દુબઈ જઈ રહ્યો હતો.

સીઆઇએસએફએ આ સમગ્ર ઘટનાનો વીડિયો પોતાના સોશિયલ મીડિયા પર મૂક્યો છે. વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે યાત્રીની બેગમાંથી મોટી માત્રામાં એક 'ડ્રેસના બટન' મળ્યા છે, જેને સીઆઇએસએફ ઉખેડી નાખવાનો પ્રયાસ કરી રહી છે. સંબંધિત માહિતી અનુસાર, રૂપિયા બાબતના કોઈ લીગલ દસ્તાવેજો મળ્યા નથી. તેને કસ્ટમ વિભાગને સોંપવામાં આવ્યો હતો તેમજ તમામ ચલણ જપ્ત કરવામાં આવ્યું છે.સીઆઇએસએફના જવાનોએ દિલ્હીના ૈ એરપોર્ટ પર વિદેશી ચલણ સાથે એક મુસાફરને પકડ્યો છે. પકડાયેલા મુસાફરે લહેંગાના બટનમાં વિદેશી ચલણ છુપાવ્યું હતું.સીઆઇએસએફના જવાનોએ દિલ્હીના ૈ એરપોર્ટ પર વિદેશી ચલણ સાથે એક મુસાફરને પકડ્યો છે. પકડાયેલા મુસાફરે લહેંગાના બટનમાં વિદેશી ચલણ છુપાવ્યું હતું.એક દિવસ પહેલાં જ દિલ્હીના આઇજીઆઇ એરપોર્ટ પર સુરક્ષા વ્યવસ્થામાં ફેરફાર કરવામાં આવ્યો છે. નવી સિસ્ટમ અનુસાર, સીઆઇએસએફના જવાનો હવે યાત્રીઓની વિગતો રજિસ્ટરને બદલે પામટોપમાં સેવ કરશે, જેના કારણે મુસાફરે ચેકિંગમાં વધુ સમય આપવો પડશે નહીં. આ સિસ્ટમ એરપોર્ટનાં ત્રણેય ટર્મિનલ પર લાગુ થશે.

## બ્રહ્માંડનું સર્જન

લેખકઃ ડૉ. ચિરાગ જાની

મૃત્યુ બાદ શું બ્રહ્માના નિવાસસ્થાનમાં સ્વર્ગ, બ્રહ્મલોક કે નર્ક લોક આવશે અને ત્યાં કેટલા દેવતા અને દાનવઓ છે? આપણા વેદો, ગ્રંથો અને પુરાણોમાં બ્રહ્માંડમાં ત્રણ લોક અને ૧૪ ભુવન છે. ત્રણેય લોકને આકાશ, પૃથ્વી અને નર્ક સમાવેશ થાય છે અને ૧૪ ભુવનમાંથી પૃથ્વીની ઉપર પ્રથમ ભુવનમાં દિવ્ય આત્માઓ અને ઋષિઓ વસે છે. સારા કાર્યો માટે દેવતાનો દરજ્જો અને બાકીનાને માનવમાં જન્મ મળે છે. અહીં ૩૩ વૈદિક દેવતાઓ નિવાસમાં અગ્નિ દેવ, પવન દેવ, ચંદ્ર દેવ, સૂર્ય દેવ તથા અન્ય દેવોનો સમાવેશ થાય છે. આ તમામ દેવોના રાજા ઈન્દ્ર અને ગાંધર્વ અપ્સરા સાથે રહે છે. અહીયા દૈવીક શક્તિઓમાંથી અકલ્પનીય સંપત્તિ પૂર્ણ કરે છે જેમાં ઈચ્છા, બ્રહ્માંડમાં ફરવાની ક્ષમતા, લાંબુ આયુષ્ય અને રોગથી છુટકારો મેળવવા માટે સ્વર્ગીય લોકોનું કાર્ય દરેકનું રક્ષણ કરવાનું છે. બ્રહ્માંડએ અમરાવતી સ્વર્ગની રાજધાની છે. અહિયા વાહનમાં કામધેનુ ગાય, ત્રણ માથાવાળો સફેદ હાથી અને ઉડતો ઘોડો છે. શિવ સ્વર્ગીય વિશ્વમાં નિવાસ કરે છે. ઋષિઓ પણ સત્યલોકમાં આવવાની પરવાનગી છે. તેઓ તેમની ઈચ્છા મુજબ ગમે ત્યાં આવી શકે છે, અહીં રહેતા લોકોની ઉંમર બ્રહ્માજીના ૧ દિવસની બરાબર મનુષ્યની ઉંમરના ૪૩૨ વર્ષ કહેવાય છે અને તેમનું આયુષ્ય કરોડ વર્ષમાં સમાપ્ત થાય છે. અહીય રહેવા માટે કર્મ પ્રમાણે નક્કી થાય છે કે આત્મા બ્રહ્મલોકમાં કે નીચલા લોકોમાં જશે. દરેક વ્યક્તિ પિતૃ લોકથી ઉપર ૮ કરોડ યોજન (એક યોજના એટલે ૧૨ કિલોમીટર) છે. દુનિયામાં ચાર કુમારો માંથી પ્રથમ વિષ્ણુના અવતાર માનવા આવે છે. સત્ય લોકો આ ૧૪ લોકોમાં ટોચ પર બ્રાહ્મણના સર્જક ભગવાન બ્રહ્મા અને તેમની પત્ની માતા સરસ્વતી સાથે રહે છે. જેમને તપસ્યા અને સત્કર્મ કરીને સત્યલોકમાં પોતાનું સ્થાન બનાવ્યું છે. ભૂમિની વાત કરીએ તો તે ૧૪ લોકોમાંથી સાતમા સ્થાને આવે છે. અહી વસતા જીવોમાં પાપ અને પુણ્ય ભગવાન અને દેવી-દેવતાઓની દેખરેખમાં જીવન જીવે છે. અહીં જે જીવે છે તેને એક યા બીજા દિવસે મરવાનું જ છે. હવે પૃથ્વીની નીચે ૭ લોકમાં વાલા નામના રાક્ષસનો નિયમ, જે માયાનો પુત્ર છે અને તેણે ૯૬ પ્રકારની માયા રાખી છે. અહીં લોકો પાસે ભગવાન શિવનું સ્વરૂપ છે જે હાટકેશ્વર કહેવામાં આવે છે. તેઓને રાક્ષસોની શ્રેણીમાં સૌથી પવિત્ર રાક્ષસો માનવામાં આવે છે. રાજા બલીએ વામન અવતારમાં ભગવાન વિષ્ણુએ ભિક્ષામાં ત્રણ ફૂટ જમીન માંગી તેમાં ત્રણેય લોકને બે પગલામાં આપ્યા અને ત્રીજા સ્થાને ભગવાને બલિદાનના મસ્તક પર પગ મૂક્યો ત્યારબાદ તેમને સુતલા લોકમાં મોકલ્યા પછી, એનાથી નીચે અનાદિ લોકો અસુર માયા સાથે રહે અને જાદુમાં ઘણું જ્ઞાન ધરાવે છે. અહીં સુધી કશ્યપ ઋષિની પત્ની લોકોનો જન્મ થયો હતો. અહીં અનેક માથાવાળા સાપ વસે છે. અહીં સૈનિકો,મહાસેના સોહિત ધનંજય અને રાષ્ટ્ર સંઘ અક્ષર દેવવ્રત વગેરે રહે છે. અહીંયા રાજધાની ભોગવતીમાં રહેતા રાજા વાસુકી સુંદર નદીઓ, તળાવો અને ઓરડાઓમાં રહે છે.

# ચાણસ્માના મીઠાધરવા ખાતે તળાવમાંથી એક ઈસમની લાશ મળી આવી

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

અત્યારે ચાલી રહેલી વરસાદી ઋતુમાં ઠેર ઠેર તળાવો તેમજ ચેક ડેમો પણ ભરાયેલા જોવા મળી રહ્યા છે ત્યારે ચાણસ્માના મીઠાધરવા ગામે આવેલ તળાવમાં ગતરોજ સાંજનાસુમારે ગરકાવ થતા સ્થાનિક તંત્રને જાણ કરાતા આજરોજ બપોરના સુમારે લાશ બહાર કાઢી પીએમ માટે લણવા મોકલી આપવામાં આવી હતી.



મળતી વિગતો અનુસાર પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના મીઠા ધરવા ગામના મુકેશભાઈ નટુભાઈ દંતાણી અગમ્ય કારણોસર મીઠાધરવા ગામ નજીક આવેલ તળાવની પાસે ગયેલ હોય જે ગામ તળાવમાં પગ લપસી જતાં પડી ગયા હતા ત્યારે ગ્રામજનોને જાણ થતાં ગ્રામજનો દ્વારા તાલુકા વિકાસ અધિકારી સહિત તંત્રને જાણ કરાતા તાત્કાલિક પણે તાલુકા વિકાસ અધિકારી શ્રી લક્ષ્મીબેન ઠાકોર, ભરતભાઈ પ્રજાપતિ,ભાવિકાબેન તલાટી તેમજ એન. ડી. આર. એફ. નો કાફલો ઘટના સ્થળે પહોંચી હતી. ત્યારે ગતરોજ ૭:૦૦ વાગ્યાના સુમારે તળાવમાં ગુમ થયેલા ઈસમની લાશ આજરોજ ભારે શોધખોળ સાથે ૧૧:૪૦ મિનિટે મળી હતી.

પગ લપસી પડતાં તળાવમાં પડી ગયા હતા.તેની જાણ તાલુકા વિકાસ અધિકારી લક્ષ્મીબેન ઠાકોર , મામલતદાર ચાણસ્મા પોલીસ ને જાણ કરી હતી.તાલુકા વિકાસ અધિકારીએ પાટણ એન.ડી.આર.એફ.ને જાણ કરી હતી.પાટણ ની એન.ડી.આર.એફ ની ટીમ દ્વારા બીજા દિવસે લાશ બહાર કાઢવામાં આવી હતી.પોલીસે પીએમ કરવા લણવા ખાતે લઇ જવામાં આવ્યો હતો.ત્યારબાદ તેના વાલી વારસોને લાશ સોપવામાં આવી હતી.

# ચાણસ્મા શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં ગણેશચતુર્થીના દિવસે ગણેશજીની મૂર્તિની સ્થાપના ગણેશ ઉત્સવનો શુભારંભ કરાયો

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

ચાણસ્મા શહેરમાં કેટલાક પરિવારો દ્વારા ગણેશ ચતુર્થીની ધામધુમથી ઉજવણી કરાઈ તો કેટલાય વિસ્તારોમાં શોભાયાત્રા સાથે ગણેશજીની મૂર્તિનું સ્થાપન કરાયું



ચાણસ્મા શહેર સહિત રામગઢ કંબોઇ ધીણોજ લણવા સહિતના ગ્રામીણ વિસ્તારોમાં ગણેશ ગણેશજીની મૂર્તિને શોભાયાત્રા સાથે ગણેશ પંડાલમાં લાવવામાં આવી હતી અને ગણેશ ઉત્સવનો પ્રારંભ થયો હતો જ્યારે ચાણસ્મા શહેરમાં ગણેશજીના મંદિર પાસે ગણેશ ઉત્સવ સમિતિ દ્વારા ગણેશજીની મૂર્તિ શોભાયાત્રા સાથે ગણેશ પંડાલમાં લાવીને ગણપતિ ઉત્સવનો પ્રારંભ થયો હતો ત્યારે ચાણસ્મા શહેરના ખોડિયારનગર સોસાયટીમાં ભટ્ટજી પરિવાર દ્વારા ગણેશ ચોથનું એકવીસ ભૂદેવના ભોજન સમારંભ સાથે ભવ્ય ઉજવણી કરવામા આવી હતી તદઉપરાંત ગણેશ યાગ હવન કરાયો હતો જ્યારે ચાણસ્મા તાલુકાના રામગઢ ગામે ધીણોજ ગામે ગણપતિ ઉત્સવ સમિતિ દ્વારા આજથી ગણેશ ઉત્સવની ગણપતિની સ્થાપના સાથે ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો આમ ચાણસ્મા શહેર સહિત ગ્રામ્ય વિસ્તારમાં ઠેર ઠેર જગ્યાએ ગણેશજીની મૂર્તિની સ્થાપના સાથે ગણેશ ઉત્સવનો પ્રારંભ થયો છે.

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની મહાનગરપાલીકાઓ અને નગરપાલીકાઓના વિસ્તારોમાં પ્રવર્તમાન ચોમાસાને કારણે માર્ગો-રસ્તાઓને જે અસર પહોંચી છે તે રિસર્ફેસિંગ, રિપેરિંગ અને માર્ગોના નવા કામો દ્વારા સત્વરે દૂર કરી સ્થિતિ પૂર્વવત કરવા સ્પષ્ટ તાકીદ કરી

મુખ્યમંત્રીશ્રીએ આજે ગાંધીનગરમાં એક ઉચ્ચસ્તરિય બેઠક યોજીને રાજયમાં હાલના ચોમાસાની સ્થિતિને કારણે માર્ગોની મરામત માટેની જે જરૂરીયાત ઉભી થઇ છે, તેની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.માર્ગ અને મકાન રાજયમંત્રી શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા, શહેરી વિકાસ રાજયમંત્રી શ્રી વિનોદભાઇ મોરડીયા, મુખ્યમંત્રીશ્રીના અગ્ર મુખ્ય સચિવ શ્રી કે. કૈલાસનાથન, મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી તેમજ શહેરી વિકાસ અને માર્ગ મકાન વિભાગના સચિવશ્રીઓ અને ઉચ્ચ અધિકારીશ્રીઓ આ બેઠકમાં જોડાયા હતા.રાજયની આઠ મહાનગરપાલિકાના કમિશનરશ્રીઓ તેમ જ રિજિયોનલ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓએ પોતાના કાર્યક્ષેત્રમાં આવેલા વિસ્તારોમાં રસ્તાઓને થયેલા નુકશાન અને મરામત માટે કરવામાં આવેલી કામગીરી તથા આયોજનનો વિસ્તૃત ચિતાર વિડિયો કોન્ફરન્સના માધ્યમથી સહભાગી થઇ આપ્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, ગુણવત્તાયુક્ત માર્ગો બને તથા ત્રણ વર્ષની ડિફેક્ટ લાયેબલિટીની મર્યાદામાં આવતા માર્ગોનું રિસર્ફેસિંગ, રિપેરિંગ સંબંધિત ઈજારદાર (કોન્ટ્રાક્ટર) દ્વારા સત્વરે હાથ ધરાય તે માટે અધિકારીઓ કામગીરી પર સતત જાત નિરિક્ષણ કરે અને ગુણવત્તાયુક્ત કામ થાય તે સુનિશ્ચિત કરે.

મુખ્યમંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું કે, નાણાના અભાવે જનતા જનાર્દનના આવા પાયાની સુવિધાના કામો અટકે નહીં તે માટે રાજ્ય સરકાર સ્થાનિક સત્તા તંત્રોની પડખે છે.તેમણે સ્ટેટ હાઇ વે, નેશનલ હાઇ-વે, મુખ્ય જિલ્લા માર્ગો તથા પ્લાન વિલેજ માર્ગોની સ્થિતિની પણ માર્ગ મકાન વિભાગના સચિવશ્રી અને ઉચ્ચ અધિકારીઓ સાથે સમિક્ષા કરી હતી.લમુખ્યમંત્રીશ્રીએ એવું પણ સુચન કર્યું કે, માર્ગોની સંપૂર્ણ વિગતો ઓનલાઇન કરવામાં આવે જેથી નાગરીકોને પારદર્શી રીતે સમગ્ર કામગીરીનો ખ્યાલ આવી શકે.



શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સેક્ટર ૨૨ ના ગણપતિજી ની શોભાયાત્રા ની શાહી સવારી સિદ્ધરાજ ગ્રુપના શ્રી ચેતન ભાઈ પટેલ ના નિવાસ સ્થાન સેક્ટર ૧ ખાતે થી નીકળી ચ ૨ થઈ ચ ૩ થી ચ ૫ થઈ સેક્ટર- ૨૨ રંગમંચ પર પોહચી હતી અને ત્યાં ચેતનભાઈ પટેલ ના પરિવાર દ્વારા સ્થાપન વિધિ ભક્તિભાવ ભર્યા પવિત્ર માહોલ માં રંગેચંગે કરવામાં આવી હતી. જેમાં સમિતિ ના અધ્યક્ષ શ્રી નિશિત વ્યાસ, શ્રી અરુણભાઈ બુચ, શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલા, શ્રી પ્રદીપસિંહ વાઘેલા, ગુડા ના પૂર્વ અધ્યક્ષ શ્રી આશિષભાઈ દવે, શ્રી અંકિતભાઈ બારોટ, ડૉ. ચેતનાબેન બુચ, શ્રી મિતુલભાઈ જોષી, શ્રી વૈભવભાઈ જાની, શ્રી મુકેશભાઈ મારૂ, શ્રી મુલચંદભાઈ રાઠોડ, ડૉ. વર્ષાબેન પારેખ, શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા, શ્રી હિરેનભાઈ શાસ્ત્રી તેમજ ગાંધીનગરના વેપારીઓ તેમજ સામાજિક સંસ્થાના વડાઓ સ્થાપન વિધિ માં મોટી સંખ્યા માં જોડાયા હતા.

તાઃ ૦૧-૦૯-૨૦૨૨ ના રોજ ગાંધીનગર ની વિવિધ સાંસ્કૃતિક સંસ્થાઓ દ્વારા 'લોક - નૃત્યોત્સવ' નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ નો લાભ લેવા સમિતિ ના અધ્યક્ષ શ્રી નિશિત વ્યાસે ગાંધીનગરની કલાપ્રેમી જનતાને ભાવ ભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

## અમદાવાદ જિલ્લા પ્રભારી અને રાજ્ય આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલના હસ્તે ૧ લી સપ્ટેમ્બરે દસ્ક્રોઈ ખાતે રૂ.૧૦૩૮ લાખના ખર્ચે નિર્માણ પામનાર સેન્ટર ઓફ એક્સલન્સ અને પ્રાઈમરી પ્રોસેસિંગ સેન્ટરનું ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવશે

અમદાવાદ,

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા જામનગર જિલ્લાના ધ્રોલ ખાતેથી કૃષિ ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ હસ્તકના બાગાયત ખાતાની વિવિધ ખેડૂતલક્ષી યોજનાઓનું લોકાર્પણ અને વિવિધ પ્રોજેક્ટનું ખાતમુર્હૂત કરવામાં આવશે.

જેના ઉપલક્ષ્યમાં અમદાવાદ જિલ્લાના પ્રભારી અને રાજ્ય આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલના હસ્તે અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઇ સ્થિત મીરોલી ગામમાં રૂ.૧૦૩૮ લાખના ખર્ચે નિર્માણ પામનાર સેન્ટર ઓફ એક્સલન્સ અને પ્રાઈમરી પ્રોસેસિંગ સેન્ટર ફોર હોર્ટીકલ્ચરનું ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવશે.

આ પ્રસંગે સાંસદ સર્વ શ્રી હસમુખભાઈ પટેલ, ડૉ. કિરીટભાઈ સોલંકી, ધારાસભ્ય સર્વ શ્રી પ્રદિપસિંહ જાડેજા, બાબુભાઈ પટેલ, કનુભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

ઈન્ડો ઈઝરાઈલ વર્ક પ્લાન હેઠળ આધુનિક ટેકનોલોજીનો વ્યાપ વધારવાના પ્રયત્નો થઈ રહ્યા છે. જેના પરીણામ સ્વરૂપ આજે ખેડુતો હાઈટેક પ્લગ નર્સરીઓમાં તૈયાર થયેલ ગુણવત્તાયુક્ત શાકભાજીના ધરૂનું વાવેતર કરતા થયા છે.

સેન્ટર ઓફ એક્સેલન્સ અધ્યતન પ્રકારની ટેક્નોલોજી ખેડુતો સુધી વિસ્તરણ કરવામાં ઉપયોગી બને છે.

જેમાં રક્ષિત ખેતી, ટપક સિંચાઈ પધ્ધતિ, ફર્ટીગેશન તથા અધ્યતન ધરૂ ઉછેર દ્વારા ખેડુતોની આવક બમણી કરવાનો પ્રયત્નો કરવામાં આવે છે. ખેડૂતોને નવીનતમ ટેકનોલોજીનો લાભ મળી રહે તે હેતુથી ઈન્ડો ઈઝરાયલ વર્ક પ્લાન હેઠળ રાજયમાં છ સેન્ટર ઓફ એક્સેલન્સ કાર્યરત છે.



## ભરૂચ ખાતે યુનિટી બ્લડ બેંકનું ઉદઘાટન ભાજપા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલ સાહેબ ના હસ્તે કરવામાં આવ્યું

આ પ્રસંગે ભરૂચ જીલ્લા પ્રમુખ શ્રી મારૂતીસિંહ અટોદરીયા,મુખ્ય દંડક તેમજ ધારાસભ્ય શ્રી દુષ્યંતભાઈ પટેલ,ધારાસભ્યશ્રીઓ શ્રી અરુણસિંહ રાણા, શ્રી ઈશ્વરસિંહ પટેલ સહીત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતના કુણાલ દીક્ષિતના પ્રસ્તાવને સ્વીકારી મુંબઈ મહાનગરીમાં ૪૦ફૂટ ઊંચા "મુંબઈચા મહારાજા"ને પરશુરામ ભગવાનના સ્વરૂપમાં સ્થાપના કરવામાં આવ્યા છે

આ વખતની સમગ્ર રાષ્ટ્રની ઊંચામાં ઊંચી ૪૦ફૂટ ઊંચી ગણેશ મૂર્તિ મુંબઈની ખેતવાડી ૧૧મી ગલીમા વિષ્ણુના છઠ્ઠા અવતાર એવા ચિરંજીવી શ્રીપરશુરામ ભગવાન ના સ્વરૂપમાં હાથમાં ફરશી સાથે સ્થાપના કરવામાં આવી છે. ભગવાન પરશુરામ સ્વરૂપની મૂર્તિ વિશે માહિતી આપતા ખેતીવાડી સાર્વજનિક ગણેશોત્સવ મંડળના અધ્યક્ષે જણાવ્યું હતું કે વિશ્વ ગુજરાતી સમાજના ગુજરાત રાજયના યુથ વિંગ પ્રદેશ એડિશનલ કો-કન્વીનર કુણાલ દીક્ષિત કે જેઓ



શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજયકક્ષા)ના યુવા મહામંત્રી છે. તેમણે અમારા મંડળ સમક્ષ પ્રસ્તાવ મૂક્યો કે મુંબઈ મહાનગરી ભગવાન પરશુરામની ગણાય છે તેથી આ વખતના 'મુંબઈચા મહારાજા' ને પરશુરામ ભગવાનના સ્વરૂપમાં સ્થાપના કરવી જોઈએ. તેમના પ્રસ્તાવ ને માન આપી આ વર્ષે અમે મુંબઈ ખેતવાડી ૧૧મી ગલીમાં ભગવાન પરશુરામ સ્વરૂપમાં ફરસીધારી ગણપતિદાદાની મૂર્તિનું આગમન થયુ છે.

મુંબઈ સહિત કોંકણની આ ભૂમિ પરશુરામ ભૂમિ ગણાય છે. તાપી થી મુંબઈ સુધી પરશુરામ ભૂમિમાં ભગવાન પરશુરામના આશીર્વાદથી કોઈ મુરત જોવામાં આવતા નથી પ્રત્યેક શુભ મુહૂર્ત જ છે તેમ સમજી આજે પણ લોકો શુભ કાર્ય કરે છે.

આપણી સંસ્કૃતિની થીમ લઈને બાપાની મૂર્તિની સ્થાપના અમે કરવા જઈ રહ્યા છે. ત્યારે આવનારી પેઢી મોબાઈલમાંથી નીકળી ઈતિહાસને માણે અને સમજી શકે તેવી પરશુરામ ગુરુકુળ અને કોંકણમા આવેલી લીલીછમ ધરતીનો અનુભવ કરાવે તેવી મૂર્તિની આસપાસ ડેકોરેશન પણ કરવામાં આવ્યું છે.




કેપિટલ ક્રિએટિવ ક્લબ ગાંધીનગર આયોજિત જય અંબે સેવા કેન્દ્ર ઉનાવા ખાતે વિધિવત સેક્ટર ૨ ના સ્વામિનારાયણ મંદિરના મહંત શ્રી પીપી સ્વામી તેમજ શ્રી ઘનશ્યામ સ્વામી જી ઉપસ્થિતિમાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું જેમાં કેપિટલ ક્રિએટિવ ક્લબના પ્રમુખ શ્રી મુકેશ પટેલ અન્ય પદયાત્રી સેવા સંઘના સહયોગી હરેશભાઈ પટેલ કે આર પટેલ,મેરૂસિંગ, મહેશ પટેલ, બીપીનભાઈ પટેલ.પ્રદીપ રાવલ ઘનશ્યામભાઈ પટેલ તેમજ અન્ય સેવા કેન્દ્રના કાયમી સેવાભાવીઓ આજરોજ ઉપસ્થિત હતા અને માતાજીની પ્રથમ આરતી ઉતારીને વિધિવત પ્રારંભ કરીને પદયાત્રા સંઘ સેવાર્થે જોડાયા હતા.રોજે રોજ ચાહ,કોફી, નાસ્તો આરામ ની વ્યવસ્થા,દવાઓ સગવડો કરવામાં આવી છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંગ્રેજી ભવન ના વરિષ્ઠ પ્રોફેસર, અધ્યાપક અગ્રણી અને પૂર્વ કાર્યકારી કુલપતિ પ્રો. જયદિપસિંહ ડોડીયાનો આજે જન્મદિવસ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કાર્યકારી કુલપતિ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંગ્રેજી ભવન ના સિનિયર પ્રોફેસર અને અધ્યાપક અગ્રણી પ્રો. જયદિપસિંહ ડોડીયા તેમની જીવન યાત્રાના ૫૮ વર્ષ પુરા કરી આજ રોજ તા. ૧/૯/૨૦૨૨ ના દિવસે ૫૯ માં વર્ષ માં પ્રવેશ કરી રહ્યા છે. ૧૯૯૮ માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંગ્રેજી ભવનમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે જોડાયા એ પહેલા રાજકોટની શ્રીમતી એમ. ટી. ધમસાણીયા કોમર્સ કોલેજ અને માંગરોળની શારદાગ્રામ કોલેજ માં ફરજ બજાવેલ. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકેની કારકિર્દી શરુ કરનાર પ્રો. ડોડીયા સેનેટ સભ્ય, સીન્ડીકેટ સભ્ય તેમજ વિનયન વિદ્યાશાખાના ડીન તરીકે ફરજ બજાવી ચુક્યા છે. વર્ષ ૨૦૧૩ માં તત્કાલીન કુલપતિ ડો. મહેન્દ્રભાઈ પાડલીયા લંડનના પ્રવાસે ગયા ત્યારે ગુજરાતના તત્કાલીન રાજ્યપાલ ડો. કમલા બેનીવાલે કાર્યકારી કુલપતિ તરીકે પ્રો.ડોડીયાની નિમણૂંક કરી હતી.



પ્રો.જયદિપસિંહ ડોડીયાનો વર્ષ ૨૦૧૩ માં કાર્યકારી કુલપતિ તરીકેનો ખુબજ અલ્પ સમય ગાળો ગુજરાત રાજ્યનું શૈક્ષણિક જગત લાંબા સમય સુધી યાદ રાખે તેવો યશશ્વી રહ્યો હતો.

વર્ષ ૨૦૧૨ માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ની સૌથી મોટી ફેકલ્ટી એવી આર્ટ્સ ફેકલ્ટીના ડીન અને અધર ધેન ડીન પદે ચૂંટાઈને પ્રો. ડોડીયા એ વિક્રમ સર્જયો હતો. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી-પાટણ ની કુલપતિ સર્ચ કમિટી માં યુ.જી. સી. ચેરમેનના નોમિની તરીકે એક વખત તેમજ માનનીય રાજ્યપાલશ્રીના નોમિની તરીકે આ સમિતિના અધ્યક્ષ તરીકે બે વખત સફળતા પૂર્વક ફરજ બજાવી ચુક્યા છે. હાલ પ્રો. ડોડીયા રાજસ્થાનની વર્ધમાન મહાવીર ઓપન યુનિવર્સિટી, કોટાના એકેડેમિક કાઉન્સીલના સભ્ય છે. તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીના પ્રમુખ છે. ઉપરાંત, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-હાઉસિંગ સોસાયટી ના પણ પ્રમુખની જવાબદારી નિભાવી રહ્યા છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ પ્રોફેસરથી કારકિર્દી શરુ કરીને અંગ્રેજી ભાષા સાહિત્યના બઢતી થી અને સીધી ભરતીથી એમ બંને રીતે પ્રોફેસર તરીકે નિમણૂંક મેળવનાર પ્રો.જયદિપસિંહ ડોડીયા સૌરાષ્ટ્ર કચ્છના અંગ્રેજી વિષયના પ્રથમ અધ્યાપક છે. માત્ર અધ્યાપકોની જ નહિ, પરંતુ વિદ્યાર્થીની સમસ્યાઓ અંગે પણ સતત જાગૃત રહી અને જરૂર પડે વિદ્યાર્થીના વાલીની ભૂમિકા પણ અદા કરી સત્તાધીશો સમક્ષ નીડરતાપૂર્વક પરિણામલક્ષી રજૂઆતો કરતા રહ્યા છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ટીચર્સ એસોસિએશન ના બે ટર્મ સુધી મહામંત્રી અને બે ટર્મ સુધી પ્રમુખ તરીકેના કાર્યકાળમાં સત્તાધીશો સાથે સીધો સંઘર્ષ કરીને પણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અધ્યાપકોના પ્રશ્નોના નિવારણ માટે મહત્વની ભૂમિકા ભજવી હતી.

ગુજરાત માં યુ.જી.સી. ના છઠ્ઠા અને સાતમા પગાર ધોરણના અમલીકરણ માટે પણ પ્રો. જયદીપસિંહ ડોડીયાએ એક જાગૃત અધ્યાપક અગ્રણી તરીકે સક્રિય ભૂમિકા ભજવી હતી.

પ્રો.ડોડીયા ના સુપુત્ર શ્રી કુલદીપસિંહ ડોડીયા રાજકોટ શહેર ના ખ્યાતનામ આર્કિટેક્ટ છે.પ્રો.ડોડીયાના પુત્રવધૂ રીમાબેન ઉદયસિંહ ઝાલા નાયબ પોલીસ અધિક્ષક ( ડીવાય. એસ. પી. ) તરીકે પ્રથમ પ્રયાસે નિયુક્ત થયા છે. જયારે તેમના સુપુત્રી ડો. ભાર્ગવી ડોડીયા એનેસ્થેસિઓલોજીસ્ટ છે.

જૂનાગઢ સ્વામિનારાયણ ગુરુકુલ ના ભૂતપૂર્વ વિદ્યાર્થી પ્રો. જયદિપસિંહ ડોડીયા ને તેમના જન્મદિવસે રાજકોટ ગુરુકુલ થી

પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી સદ્ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી સ્વામી તથા મહંત સ્વામી શ્રી દેવપ્રસાદદાસજી સ્વામી તથા જૂનાગઢ ગુરુકુલ થી પરમ પૂજ્ય સદ્ગુરુ સ્વામી શ્રી જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામી અને સર્વે સંતો એ આશીર્વાદ પાઠવ્યા છે.

આજ રોજ પ્રો. જયદિપસિંહ ડોડીયાના જન્મદિવસે તેમને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ગિરિશભાઈ ભીમાણી, ગોવિંદગુરૂ યુનિવર્સિટી-ગોધરાના કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્ય અને સુટા ના પ્રમુખ પ્રો. કલાધર આર્ય, સુટા ના મહામંત્રી ડો. યોગેશ જોગસણ , શ્રી ઉદયસિંહ રામભાઈ ઝાલા (ખાપટ ગિર), શ્રી દિપસિંહભાઈ રામભાઈ ઝાલા (ખાપટ ગિર ) સહિતના અનેક શુભેચ્છકો, શિક્ષણવિદો અને સામાજિક સંસ્થાના અગ્રણીઓએ શુભેચ્છાઓ પાઠવી છે. (મોં. ૯૬૮૭૬૯૨૯૫૦)

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.